CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 10

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026
25 વર્ષ
લગાતાર
પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 81, Dt. 01-08-2026 (SATURDAY) Rs. 02/- Page : 26, RNI No. GUJGUJ/2023/84789

## ગાંડીતૂર નદીઓ, છલકતા ડેમ, બેટમાં ફેરવાતા ગામો

# ગુજરાતમાં ભર'પૂર' તબાહી

- ગામડાઓમાં વીજ પૂરવઠો ખોરવાયો
- સુરતના અંબિકામાં 25 ઈંચ વરસાદથી જળબંબાકાર
- 220 તાલુકાઓમાં 3 ઈંચથી 15 ઈંચ સુધી વરસાદ

**720 રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ છે ST બસોના અનેક રૂટ રદ્દ કરાયા અનેક ગામોનો સંપર્ક તૂટ્યો અનેક ડેમોના દરવાજા ખોલાયા 400થી વધુ નાગરિકોનું સલામત સ્થળે સ્થળાંતર**





**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજે સવારે ૬થી બપોરે ૨ વાગ્યા સુધીમાં ૨૧૩ તાલુકમાં સૌથી વધુ સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં ૭ ઈંચ તો વઢવાણમાં ૬.૧૮ ઈંચ વરસાદ ખાબક્યો છે. લખતરમાં ભારે વરસાદથી તારાજી સર્જાઈ છે. લીલાપુર ગામમાં એકબાજુ ઉમઈ નદીના પાણી અને બીજી તરફ રેલવે અંડરબ્રિજ પાણીમાં ગરકાવ થઈ જતાં સંપર્કવિહોણું બન્યું છે. લીલાપુર ગામ મુખ્ય માર્ગ પર હોવાથી માર્ગ બંધ થતાં આગળ આવેલા કારેલા, ઈંગરોળી અને સવલાણા સહિતના ગામોનો પણ તાલુકા મથક લખતર સાથેનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે. ૨૪ કલાકમાં ૩૪ જિલ્લાના ૨૫૫ તાલુકામાં સરેરાશ ૭૯.૮૪ મિમી વરસાદ નોંધાયો છે. આ ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ સુરતના અંબિકા તાલુકામાં ૨૨.૨૪ ઈંચ, તાપીના ડોલવણમાં ૧૬.૭૩ ઈંચ, ખેડાના વસોમાં ૧૬.૩૮ ઈંચ, નવસારીના વાંસદામાં ૧૬.૨૬ ઈંચ અને ખેડાના નડિયાદમાં ૧૩.૪૩ ઈંચ નોંધાયો છે. રાજ્યમાં ચાલુ સિઝનમાં આજ સવારના ૬ વાગ્યા સુધીમાં કુલ સરેરાશ ૨૩.૧૭ ઈંચ વરસાદ નોંધાયો છે, જે સિઝનના સરેરાશ વરસાદના ૬૪.૭૬% જેટલો થાય છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૯૧.૩૫% વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં સક્રિય ચાર હવામાન સિસ્ટમના કારણે ૨૪ કલાક ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આજે અત્યંત ભારે વરસાદની સંભાવના સાથે ૬ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે ૧૩ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ૧૩ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની શક્યતાને પગલે ચલો એલર્ટ જાહેર કરાયું છે. જોકે હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આવતીકાલથી રાજ્યમાં વરસાદનું જોર ધીમે ધીમે ઘટવાની શક્યતા છે. હાલ રાજ્ય પર વેલમાર્ક લો પ્રેશર, મોનસૂન ટ્રફ, શિયર ઝોન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સહિત કુલ ચાર હવામાન પ્રણાલીઓ સક્રિય હોવાથી વરસાદી માહોલ સર્જાયો છે. દરિયાઈ સ્થિતિ ઉગ્ર બનતા ૨ ઓગસ્ટ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે અને રાજ્યના તમામ બંદરો પર નંબર-૩નું ચેતવણી સિગ્નલ લગાવવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાત અને ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદના કારણે સુરતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમની જળસપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. જેનાથી ડેમની સપાટી ૩૨૦.૮૨ ફૂટે પહોંચી છ.

### મેઘરાજા મન મૂકીને વરસશે : અંબાલાલ પટેલ

## 3 ઓગસ્ટ સુધી વરસાદની આગાહીઃ રેડ એલર્ટ

અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ આગામી ૨૪ કલાક દરમિયાન ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદી સિસ્ટમ સક્રિય રહેશે. કેટલાક વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદ પડશે તો કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદી ઝાપટાં પણ પડી શકે છે. તેમણે લોકોને હવામાનની સ્થિતિ પર સતત નજર રાખવાની સલાહ આપી છે.



અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર રાજ્યની રાજધાની ગાંધીનગર અને અમદાવાદમાં આગામી ૨૪ કલાક દરમિયાન હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. શહેરના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પણ નોંધાઈ શકે છે. હાલ સક્રિય વરસાદી સિસ્ટમના કારણે રાજ્યના મધ્ય ભાગમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને દિવસ દરમિયાન વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં આગામી દિવસોમાં વરસાદની તીવ્રતા વધી શકે છે. ખાસ કરીને રાજકોટ જિલ્લામાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ઉપરાંત પોરબંદર, અમરેલી, જામનગર અને દેવભૂમિ દ્વારકા સહિતના વિસ્તારોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ પણ વધી શકે છે, જેના કારણે સ્થાનિક સ્તરે ભારે વરસાદની સ્થિતિ સર્જાઈ શકે છે.

### વઢવાણનો ધોળી ધજા ડેમ, ચુડાનો વાંસદ ડેમ ઓવરફ્લો

# સૌરાષ્ટ્રમાં વાદળોએ મૌન તોડ્યું: 3થી 10 ઈંચ વરસાદ



| તાલુકો | વરસાદ (ઈંચ) | તાલુકો | વરસાદ (ઈંચ) |
|---|---|---|---|
| ધ્રાંગધ્રા | 6.89 | ગરુડેશ્વર | 3.23 |
| વઢવાણ | 6.18 | કાથલાલ | 2.87 |
| મોરબી | 5.28 | નાંદોદ | 2.87 |
| હળવદ | 4.92 | ઓલપાડ | 2.60 |
| લખતર | 4.49 | કપડવંજ | 2.56 |
| ટંકારા | 4.25 | થાનગઢ | 2.56 |
| માળીયા | 4.21 | ચોટીલા | 2.32 |
| તિલકવાડા | 4.09 | સાયલા | 2.28 |
| મુલી | 3.66 | નાનાપોંઢા | 2.09 |
| ચૂડા | 3.66 | ઝગડિયા | 2.05 |

## લખતરમાં 9 ઈંચ, વઢવાલ-ચૂડામાં 8 ઈંચ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજે સવારે ૬થી બપોરે ૨ વાગ્યા સુધીમાં ૨૧૩ તાલુકમાં સૌથી વધુ સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં ૭ ઈંચ તો વઢવાણમાં ૬.૧૮ ઈંચ વરસાદ ખાબક્યો છે. લખતરમાં ભારે વરસાદથી તારાજી સર્જાઈ છે. લીલાપુર ગામમાં એકબાજુ ઉમઈ નદીના પાણી અને બીજી તરફ રેલવે અંડરબ્રિજ પાણીમાં ગરકાવ થઈ જતાં સંપર્કવિહોણું બન્યું છે. લીલાપુર ગામ મુખ્ય માર્ગ પર હોવાથી માર્ગ બંધ થતાં આગળ આવેલા કારેલા, ઈંગરોળી અને સવલાણા સહિતના ગામોનો પણ તાલુકા મથક લખતર સાથેનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે.દેવળીયા અને ધરાઈ સહિતના



ઉપરવાસમાં ભારે વરસાદના કારણે વાસાવડ ની નદી બે કાંઠે જોવા મળી. કોઝવે પર વરસાદી પાણી ફરી વળતા હાલ કોઝવે પર રાહદારીઓ, વાહનચાલકોએ નજવા સરપંચ સહિત વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી. સાબરકાંઠા જિલ્લાના ઇડરમાં વરસાદ પડતા ડેભોલ નદી વહે છે, જે જાદર થઈને સપતેશ્વર પાસે સાબરમતી નદીને મળે છે. ત્યારે આજે બપોરે ઇડરમાં બે કલાકમાં પોણા બે ઈંચ વરસાદ વરસતા ડેભોલ નદીમાં પાણી આવ્યું હતું.

આ પાણીના પ્રવાહમાં પાર્ક કરેલ કાર તણાઈ હતી.સુરેન્દ્રનગર જિલ્લાની જીવાદોરી સમાન વઢવાણ ભોગાવો-૨ (ધોળીધજા) ડેમ ઉપરવાસમાંથી પાણીની સતત આવક થતાં ૦.૧ ફૂટથી ઓવરફ્લો થયો છે, જેને પગલે તંત્ર દ્વારા સુરેન્દ્રનગર, વઢવાણ, જોરાવરનગર અને રતનપર શહેર સહિત મેમકા, ભડિયાદ, સાંકળી, ખમીસણા, નાના કેરાળા, નટવરગઢ, દોલાતપર, શિયાણી, રામરાજપર, પરનાળા અને જાંબુ જેવા નીચાણવાળા ગ્રામ્ય વિસ્તારોને હાઈ એલર્ટ કરી પશુપાલકો અને સ્થાનિકોને નદીપટથી દૂર રહેવા તથા સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.



તસ્વીર : અક્ષય ગોંડલીયા

## રૈયારોડ પર ઝાડ પડ્યું, અનેક સોસાયટીમાં પાણી ભરાયા

# તંત્ર-શાસકો ખડેપગે...



## કલેક્ટર મધરાતે ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમ પહોંચ્યા



## મ્યુનિ. કમિશનર ચાલુ વરસાદમાં ફિલ્ડમાં

## ચાર ઈંચ વરસાદથી શહેર આખું પાણી-પાણી : પોપટપરા વિસ્તારનું ગરનાળું બંધ કરાયું

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં ૪ ઈંચ જેટલો વરસાદ ખાબકતા શહેર પાણી-પાણી થઈ ગયું છે. ભારે વરસાદને પગલે પોપટપરા ગરનાળામાં પાણી ભરાતા તકેદારીના ભાગરૂપે તેને બંધ કરી પોલીસ અને મનપા સ્ટાફ તૈનાત કરાયો છે. આનાથી રેલનગર, પોપટપરા અને રૂખડિયાપરા સહિતના વિસ્તારોના અંદાજે ૫૦,૦૦૦ લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે.શહેરના નીચાણવાળા વિસ્તારો અને અનેક સોસાયટીઓમાં પાણી ભરાયા છે. રૈયા રોડ પરની તિરુપતિ સોસાયટીમાં રસ્તા પર પાણી ફરી વળ્યા હતા અને એક વૃક્ષ ધરાશાયી થયું હતું, જોકે સદનસીબે જાનહાની ટળી છે. મનપાની ટીમે તુરંત પાણી નિકાલની કામગીરી કરી હતી. આ ઉપરાંત ઓમનગર, યાજ્ઞિક રોડ, કાલાવડ રોડ બ્રિજ અને ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પણ પાણી ભરાતા વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી



હતી.ભારે વરસાદની આગાહી વચ્ચે કોઈપણ અનિચ્છનીય બનાવ અટકાવવા વહીવટી અને મહાનગરપાલિકાનું તંત્ર સંપૂર્ણપણે ખડેપગે છે.

જિલ્લાની પરિસ્થિતિનો તાગ મેળવવા કલેક્ટર મોડી રાત્રે જ ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમ પહોંચ્યા હતા અને ત્યાંથી જ સ્થિતિનું મોનિટરિંગ કરી સંબંધિત અધિકારીઓને જરૂરી આદેશો આપ્યા હતા. શહેરમાં પાણી ભરાવાની સમસ્યા અને લોકોની હાલાકી દૂર કરવા મ્યુનિસિપલ કમિશનર ચાલુ વરસાદે ફિલ્ડમાં ઉતરી આવ્યા હતા. તેમણે વિવિધ વિસ્તારોની જાતે મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું અને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## લલૂડી વોકળી ખાતે મનપાની આગોતરી તૈયારી



શહેરના નીચાણવાળા ગણાતા સોરઠિયાવાડી પાસેની લલૂડી વોકળીમાં પૂરના પાણી પ્રવેશે તો લોકોને બચાવવા તંત્ર સજ્જ છે. રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી એક્ઝિક્યુટિવ એન્જિનિયર મહેશ રાઠોડે જણાવ્યું હતું કે, અહીં જો પાણી ભરાય તો ૧૦૦૦થી વધુ લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડવા માટે બે જગ્યાએ શેલ્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે. મનપાની ટીમ દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં લાઉડસ્પીકરથી એનાઉન્સમેન્ટ કરી લોકોને સતર્ક રહેવા એલર્ટ કરાયા હતા.



તસ્વીર : અક્ષય ગોંડલીયા

## સિઝનનો 14 ઈંચ : લાલપરી ડેમ 95% ભરાયો આજી-૨ ડેમના દરવાજા ખોલતા 10 ગામો એલર્ટ

# રાજકોટીયન્સના ચાર ઈંચ વરસાદથી હૈયા છલકાયા: કાલે વરસાદની આગાહી

## » આખો દિવસ ધીમી ધારે વરસાદ વરસતા લોકોએ મન ભરી આનંદ માણ્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

રંગીલા રાજકોટ ઉપર અંતે મેઘરાજાએ હેત વરસાવ્યું છે અને ચાલુ મોસમમાં પ્રથમવાર ગત રાત્રીથી આજે બપોર સુધીમાં શહેરમાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસી જતા નગરજનો રોમાંચિત થઇ ગયા છે અને શહેરમાં આહલાદ્દક વાતાવરણ સાથે ઠંડક છવાઇ ગઇ છે.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેરમાં ગત રાત્રીનાં ૮ કલાકથી ધીમીધારે વરસાદ શરૂ થયો હતો અને આજે સવારથી બપોર સુધીમાં પણ શહેરમાં સતત હળવો વરસાદ ચાલુ રહ્યો હતો.

ફાયર બ્રિગેડનાં જણાવ્યા મુજબ ગત રાત્રીના ૮થી આજે સવારે ૮ વાગ્યા સુધીમાં, સેન્ટ્રલ અને વેસ્ટ ઝોનમાં ૩૮ મીમી તથા ઈસ્ટ ઝોનમાં ૩૬ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે આજે સવારે ૮ થી બપોરે ૧-૩૦ કલાક સુધીમાં સેન્ટ્રલ અને વેસ્ટ ઝોનમાં ૩૬ મીમી તથા ઈસ્ટ ઝોનમાં ૨૯ મીમી વરસાદ નોંધાયો હતો.

આમ રાજકોટ શહેરમાં ગત રાત્રીથી આજે બપોરે ૧-૩૦ કલાક સુધીમાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસી ગયો હતો અને સતત ધીમી ધારે પડતો વરસાદ બપોરે ૧-૩૦ કલાક બાદ પણ યથાવત રહેવા પામ્યો હતો.

આથી આજે સાંજ સુધીમાં શહેરમાં ૪ ઈંચ જેટલો વરસાદ વરસી જાય તેવી શક્યતા છે. સેન્ટ્રલ ઝોનમાં કુલ ૭૨, વેસ્ટમાં ૭૦ અને ઈસ્ટમાં ૫૬ મીમી પાણી પડ્યું છે અને શહેરમાં મોસમનો કુલ વરસાદ ૧૪ ઈંચ ઉપર પહોંચ્યો છે.

ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગની સચોટ આગાહીને પગલે ગઈકાલથી સમગ્ર ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. જેના ભાગરૂપે રાજકોટ શહેરમાં પણ ગઈકાલ સાંજથી મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી હતી.

ગઈકાલે સાંજે ધીમીધારે શરૂ થયેલો વરસાદ રાત્રિના સમયે નોંધપાત્ર રીતે ધોધમાર સ્વરૂપમાં વરસ્યો હતો, જેને કારણે રાજકોટ શહેરના અનેક વિસ્તારો પાણી-પાણી થઈ ગયા હતા. ભારે વરસાદને પગલે શહેરમાં પાણી ભરાવાની અનેક ફરિયાદો પણ ઉઠવા પામી છે. અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ફરી વળતાં વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલી પડી હતી.

ગઈકાલ સાંજથી સવાર સુધીમાં રાજકોટમાં અંદાજે દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. અને વેસ્ટ ઝોનમાં ૩૮ મી.મી. જ્યારે ઈસ્ટ ઝોનમાં ૩૬ મી.મી. વરસાદ નોંધાયો છે. શહેરમાં હાલ પણ વરસાદી માહોલ યથાવત છે અને આગામી કલાકોમાં વરસાદની તીવ્રતા વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરતાં તંત્ર દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. લોકોને કોઈ પ્રકારની હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે પૂર્વ આયોજન કરવામાં આવ્યું છે. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓને સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે.

## જળાશયોમાં નવા નીરની આવક: નદી કાંઠાના ગામોને એલર્ટ કરાયા

ઉપરવાસમાં ભારે વરસાદથી જિલ્લાના ડેમોમાં પાણીની સતત આવક થઈ રહી છે, જેને પગલે તંત્ર દ્વારા નીચે મુજબના જળાશયો માટે એલર્ટ જારી કરાયા છે:

- **આજી-૨ ડેમ:** જળસપાટી જાળવી રાખવા માટે રાત્રે ૧૨.૩૦ વાગ્યે ડેમના ૨ દરવાજા ૦.૧૦૨ મીટર ખોલવામાં આવ્યા છે. ડેમમાં નીરની આવક અને જાવક ૩૮૦ ક્યુસેક છે. આથી પડધરી તાલુકાના અડબાલકા, બાઘી, દહીંસરડા, ડુંગરકા, ગઢાડા, હરીપર, ખંઢેરી, નારણકા, સખપર અને ઉકરડા ગામોને એલર્ટ આપવામાં આવ્યું છે.
- **લાલપરી ડેમ:** રાજકોટ તાલુકા પાસે આવેલો લાલપરી ડેમ ૯૫ ટકા ભરાઈ ગયો છે (હાલનું જળસ્તર ૧૩૭.૧૬ મીટર). ડેમમાં ૪૭૪ ક્યુસેક પાણીની આવક છે. નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા તેમજ નવાગામ અને બેડી ગામના લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા ચેતવણી અપાઈ છે.
- **ભાદર-૨ ડેમ:** ધોરાજી તાલુકા પાસે આવેલા ભાદર ૨ ડેમનો એક દરવાજો ૦.૧૫ મીટર ખોલવામાં આવ્યો છે. ડેમમાં ૬૭૩ ક્યુસેક પાણીની આવક-જાવક ચાલુ છે. નદીના પટમાં અવરજવર ન કરવા તેમજ ધોરાજી તાલુકાના (ભોળા, ભલ ગામડા, છાડવાવદર, સુપેડી), ઉપલેટા તાલુકાના (ડુમીયાણી, ચિખલિયા સહિતના અન્ય ગામો) અને પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના અસરગ્રસ્ત ગામોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા સૂચના આપવામાં આવી છે.

## ઉત્તરપ્રદેશમાં 9 મકાનો નદીમાં ગરકાવ

# દેશભરમાં વરસાદ આસામમાં 42નાં મોત



## » બિહાર, મધ્યપ્રદેશ, મુંબઈ, દિલ્હીમાં વરસાદ

સિટી ન્યૂઝ@સુરત

હવામાન વિભાગ (IMD) એ શનિવારે ગુજરાતના ઘણા જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. વિભાગના જણાવ્યા અનુસાર, આ વિસ્તારોમાં વીજળી પડવાની, ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાવાની અને ૦.૫૯ ઈંચથી વધુ વરસાદ થવાની સંભાવના છે.

જ્યારે, ઉત્તરાખંડના કેદારનાથ ધામમાં ભારે વરસાદ અને ગાઢ ધુમ્મસને કારણે શ્રદ્ધાળુઓની યાત્રા પડકારજનક બની ગઈ છે. હવામાન વિભાગની ચેતવણી બાદ જિલ્લા વહીવટીતંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.


ઉત્તર પ્રદેશના બલિયામાં સરયૂ નદીના ધોવાણથી એક જ દિવસમાં ૯ મકાનો નદીમાં સમાઈ ગયા. મધ્ય પ્રદેશમાં અત્યાર સુધી વરસાદનો કોટા લગભગ પૂરો થઈ ગયો છે. જોકે, જૂનમાં ઓછો વરસાદ થવાને કારણે હજુ પણ રાજ્યમાં સામાન્ય કરતાં ૧૩% ઓછો વરસાદ નોંધાયો છે.

હરિયાણામાં જુલાઈ દરમિયાન વરસાદ અપેક્ષા કરતાં ઘણો ઓછો રહ્યો. સમગ્ર રાજ્યમાં સામાન્ય કરતાં




લગભગ ૧.૫ ઈંચ એટલે કે ૨૭% ઓછો વરસાદ નોંધાયો. બિહારમાં હજુ પણ સામાન્ય કરતાં ૪૨% ઓછો વરસાદ નોંધાયો છે. આસામમાં પૂરને કારણે છેલ્લા ૨૪ કલાકમાં વધુ બે લોકોના મોત થયા છે. આ સાથે જ મૃત્યુઆંક વધીને ૮૨ થયો છે.

દક્ષિણ કન્નડમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ છે, જેના કારણે શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં ભારે વરસાદ થઈ રહ્યો છે. સ્થાનિક પ્રશાસને સાવચેતીના ભાગરૂપે કેદારનાથ યાત્રા રોકી દીધી છે. આસામમાં પૂર પીડિતો માટે ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ CM ફંડમાં ૧૧ કરોડ રૂપિયાની મદદ મોકલી છે.




## ભરચક કાર્યક્રમો : 200 કરોડથી વધુના કામોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરશે?

# મુખ્યમંત્રી કાલે રાજકોટ આવશે કે નહીં, વરસાદની આગાહી નક્કી કરશે પ્રોગ્રામ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતીકાલ તા.૨ને રવિવારના બપોરે સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટની મુલાકાતે આવી રહ્યા હોય મુખ્યમંત્રીને આવકારવા માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજકોટમાં આવતીકાલે બપોરના ૪ વાગ્યે હવાઈ માર્ગે આવી પહોંચ્યા બાદ તેઓ સાડા પાંચ કલાકનું રોકાણ કરનાર છે.

આ દરમ્યાન તેઓ કરોડોના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આ રાજકોટની મુલાકાત દરમ્યાન ભરચકક કાર્યક્રમો આયોજીત કરવામાં આવેલ છે. જેમાં પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા ૪-30 વાગ્યે પેડક રોડ પર આવેલા સેંટેલાઈટ ચોક સ્થિત અટલબિહારી બાજપેયી ઓડીટોરીયમ ખાતે આયોજીત કરાયેલા વિશેષ દીક્ષા ગ્રહણ સમારોહમાં હાજરી આપશે.

ત્યારબાદ તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે આયોજીત કરાયેલા ખાસ સમારોહમાં રાજકોટ મ્યુ.કોર્પો. અને સૌ.યુનિ.ના રૂા.૨૦૦ કરોડથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

જેમાં મોટામવા-મુંજકાના પમ્પીંગ હાઉસ, રૈયા રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશન ખાતે ૧૫૦ ટીડીપીના મટીરીયલ રીકવરી ફેસેલીટી પ્લાંટ, વોર્ડ નં.૯ના મુંજકા વિસ્તારના આર્ષ વિદ્યા મંદિર પાસે નવા બ્રીજનું નિર્માણ, વોર્ડ નં.૯ના પમ્પીંગ સ્ટેશન, વોર્ડ નં.૧૧ના આરોગ્ય કેન્દ્ર, નવી વોર્ડ ઓફીસ, વોર્ડ નં.૧૬ના સીસી રોડ પરના પેવીંગ બ્લોક અને ગટરનું નિર્માણ સહિતના કરોડોના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરાશે.

તેની સાથોસાથ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કોમ્યુનીટી હોલ, લાઈબ્રેરી અને આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડીંગનું લોકાર્પણ પણ તેઓના હસ્તે કરાશે. સૌ.યુનિ. ખાતેના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વયોશ્રી યોજના હેઠળ ૮૦૦થી વધુ વરિષ્ઠ નાગરીકોને જીવન સહાયક ઉપકરણો પણ આપવામાં આવનાર છે. ત્યારબાદ તેઓ છેલ્લે બિલ્ડીંગ એસો.ના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ મોટર માર્ગે હિરાસર એરપોર્ટ ખાતે પહોંચી ખાસ એરક્રાફટ મારફતે અમદાવાદ જવા રવાના થનાર છે.

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ પ્રથમવાર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતીકાલે રાજકોટની મુલાકાતે આવી રહ્યા હોય તેઓને આવકારવા માટે ભાજપના હોદેદારો અને નગરજનોમાં ભારે ઉત્સાહ છવાયેલ છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા મુખ્યમંત્રીના આ કાર્યક્રમ અંગેની તમામ તૈયારીઓને જીલ્લા કલેકટર ડો.ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ આખરીઓપ આપી દેવામાં આવેલ છે.

## મુખ્યમંત્રીનો મીનીટ ટુ મીનીટ કાર્યક્રમ

- બપોરે ૩૦૦ કલાકે ગાંધીનગર નિવાસથી એરપોર્ટ રવાના
- બપોરે ૩૩૦ કલાકે અમદાવાદ એરપોર્ટથી રાજકોટ જવા પ્રસ્થાન
- સાંજે ૪૦૦ કલાકે હીરાસર એરપોર્ટ ખાતે આગમન
- સાંજે ૪૩૦ કલાકે પુજીત રૂપાણક્ષ મેમો.ટ્રસ્ટ કાર્યક્રમમાં હાજરી
- સાંજે ૬૦૦ કલાકે સૌ.યુનિ. ખાતે લોકાર્પણ-ખાતમુહૂર્ત
- સાંજે ૭૧૫ કલાકે વિશ્વા પાર્ટી પ્લોટ કાર્યક્રમમાં ઉપસ્થિતિ
- રાત્રે ૮૩૦ કલાકે હીરાસર એરપોર્ટથી અમદાવાદ રવાના
- રાત્રે ૯૦૦ કલાકે અમદાવાદ, એરપોર્ટમાં આગમન
- રાત્રે ૯૨૦ કલાકે એરપોર્ટથી ગાંધીનગર નિવાસસ્થાન.

## ગુજરાતમાં ચોંકાવનારી સ્થિતિ : માત્ર મહેસાણા જિલ્લામાં 131 સગીરાઓ ગર્ભવતી બનતા ખળભળાટ

# અહો આશ્ચર્યમ

# 16 વર્ષની 131 દીકરીઓ 'પ્રેગ્નેન્ટ'!



**15 વર્ષની 8 સગીરાઓ | 16 વર્ષની 43 સગીરાઓ | 17 વર્ષની 80 સગીરાઓ**

## આ આંકડા માત્ર મહેસાણા જિલ્લાના જ છે

**સિટી ન્યૂઝ@મહેસાણા**

મહેસાણા જિલ્લામાંથી સામાજિક અને આરોગ્ય ક્ષેત્રે લાલબત્તી સમાન અને અત્યંત ચોંકાવનારી વિગતો સામે આવી છે. જિલ્લા આરોગ્ય વિભાગના સરકારી દફતરે છેલ્લા ચાર મહિનામાં જ ૧૩૧ જેટલી સગીરાઓ (૧૮ વર્ષથી ઓછી વયની બાળાઓ) ગર્ભવતી બની હોવાની ચોંકાવનારી નોંધણી થતાં સમગ્ર જિલ્લામાં ભારે ખળભળાટ મચી ગયો છે. રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય વિષયક કામગીરી અને સગર્ભા મહિલાઓના ટ્રેકિંગ માટે ઉપયોગમાં લેવાતી 'ટેકો' (TeCHO) પોર્ટલ/એપ્લિકેશન પર આ ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે.

આરોગ્ય વિભાગના સત્તાવાર ચોપડે ૨૨ એપ્રિલ ૨૦૨૬ થી ૨૨ જુલાઈ ૨૦૨૬ સુધીના માત્ર ચાર મહિનાના ટૂંકા ગાળામાં ૧૮ વર્ષથી નાની વયની ૧૩૧ સગીરાઓની ગર્ભવતી તરીકે એન્ટ્રી થઈ છે. આ આંકડો જાહેર થતાં જ જિલ્લાનું સરકારી તંત્ર, સામાજિક સંગઠનો અને ચાઈલ્ડ પ્રોટેક્શન ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ તાત્કાલિક હરકતમાં આવી ગઈ છે.

જિલ્લા આરોગ્ય તંત્રના આંકડાઓનું પૃથ્થકરણ કરતાં સામે આવ્યું છે કે ૧૫ વર્ષની વય ધરાવતી ૦૮ સગીરાઓ, ૧૬ વર્ષની વય ધરાવતી ૪૩ સગીરાઓ અને ૧૭ વર્ષની ઉંમર ધરાવતી ૮૦ સગીરાઓ ગર્ભવતી થઈ છે. જેમાં સૌથી વધુ કેસ કડી તાલુકામાં નોંધાયા છે, જ્યાં ૪૮ સગીરાઓ ગર્ભવતી બની છે. જ્યારે સૌથી ઓછા કેસ જોટાણા તાલુકામાં સામે આવ્યા છે. આટલી મોટી સંખ્યામાં સગીરાઓ ગર્ભવતી બનવા પાછળ બાળ લગ્ન જવાબદાર છે કે અન્ય કોઈ ગંભીર કારણો, તે અંગે આરોગ્ય વિભાગ અને સંબંધિત તંત્ર દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરવામાં આવી છે. નોંધાયેલી તમામ ૧૩૧ ગર્ભવતી સગીરાઓની શારીરિક સ્થિતિ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી તબીબી સારવાર અને દેખરેખ ચાલુ કરી દેવામાં આવી છે. નિયમો અને સરકારી પ્રોટોકોલ મુજબ આ બાબતની જાણ કરીને આગળની કાયદાકીય તથા સામાજિક કાર્યવાહી માટે સમાજ કલ્યાણ વિભાગ તેમજ ચાઈલ્ડ પ્રોટેક્શન યુનિટને કેસ સોંપવામાં આવ્યા છે.



## PM મોદી બોલ્યાઃ જંતર-મંતર પર મને મારી માતાને ગાળો આપી

# PM મોદીનું મોટું મન હું બાળકોને માફ કરવા માંગું છું

## આ ભટકેલા બાળકો, તેમને રસ્તો બતાવવાનો સમય હું તેમને માફ કરવા માંગું છું બાળપણમાં ભુલો થાય



સિટી ન્યૂઝ@નવી દિલ્હી

પીએમ મોદીએ શુક્રવારે રાત્રે ઈન્સ્ટાગ્રામ પર રીલ શેર કરી. તેમણે કહ્યું કે જંતર-મંતર પર કેટલાક તોફાની બાળકોએ મને અને મારી માતાને ગંદી-ગંદી ગાળો આપી, પરંતુ બાળપણમાં ભૂલો થાય છે.
તેમણે આગળ કહ્યું કે બાળપણ ભૂલો સુધારવાનો અવસર પણ હોય છે. આ ગુમરાહ બાળકો છે, તેમને રાહ બતાવવાનો સમય છે, તેમને માફ કરવા માંગુ છું.આ છેલ્લા ૯ દિવસમાં પીએમ મોદીનો ૫મો વીડિયો છે. રાત્રે ૧૧ વાગ્યે જાહેર કરાયેલા વીડિયોને 30 મિનિટમાં ૧૩ લાખ લોકોએ લાઈક કર્યો.
પીએમ મોદીએ જંતર-મંતરની ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'ત્યાં જે કંઈ પણ થયું, તે દુનિયાએ જોયું છે. આ સભ્ય સમાજ માટે શોભનીય નથી. હું સમાજની અંદર રહેલા આક્રોશને સારી રીતે સમજી શકું છું. આ એક કલ્ચરલ શોક જેવું છે કે આપણી દીકરીઓ આ પ્રકારની ભાષાનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે.'
તેમણે આગળ કહ્યું કે તેમને સજા આપવાથી આપણે પરિસ્થિતિઓ બદલી નહીં શકીએ. હું તમારા માટે જીવું છું, તમારા ઉજ્જવળ ભવિષ્ય માટે ખર્ચ કરું છું, તમે આગળ વધો.આ મામલો ૨૩ જુલાઈના રોજ જંતર-મંતરનો છે. વિદ્યાર્થીઓના પ્રદર્શન દરમિયાન વીડિયોમાં છોકરી રુચિકા સિંહ પીએમ મોદી વિરુદ્ધ વાંધાજનક ભાષાનો ઉપયોગ કરતી જોવા મળી હતી.
ગાઝિયાબાદની રહેવાસી સ્મૃતિ સિંહે રુચિકા વિરુદ્ધ નોઈડાના એક્સપ્રેસવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ પછી પોલીસે 30 જુલાઈએ રુચિકા વિરુદ્ધ જાણી જોઈને અપમાન કરવા, સાર્વજનિક ઉપદ્રવ ફેલાવવા અને માનહાનિના આરોપમાં કેસ દાખલ કર્યો હતો. કોકરોચ જનતા પાર્ટીએ આ કાર્યવાહીનો વિરોધ કર્યો છે.





## યુ-ટર્નઃ હું ભટકી ગઈ હતી

# PM મોદીને અપશબ્દ બોલનાર યુવતીએ માફી માંગી

## 15 વર્ષની યુવતીએ કહ્યું, મે જે કહ્યું તે માફી લાયક નથી મને મારી વાતોનો ખૂબ પસ્તાવો છે, હું આખા દેશ પાસે માફી માંગુ છું

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

દિલ્હીના જંતર-મંતર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન PM નરેન્દ્ર મોદી વિરુદ્ધ અપશબ્દો બોલવાનો આરોપ લાગેલી યુવતીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં યુવતી પોતાના નિવેદન બદલ માફી માંગતી જોવા મળે છે. તે દાવો કરે છે કે તે માત્ર ૧૫ વર્ષની છે અને કેટલાક લોકોના બહેકાવામાં આવીને તેણે વડાપ્રધાન વિશે અયોગ્ય ભાષાનો ઉપયોગ કર્યો હતો.જોકે, આ વાયરલ વીડિયોની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી.સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં યુવતી કહે છે કે વિરોધ પ્રદર્શન દરમિયાન તે અન્ય લોકોના પ્રભાવમાં આવી ગઈ હતી. તેણે સ્વીકાર્યું કે PM વિશે અપમાનજનક શબ્દો બોલવા તેની મોટી ભૂલ હતી.
યુવતી વીડિયોમાં કહે છે, "હું માત્ર ૧૫ વર્ષની છું. મેં જે કર્યું તે માફી લાયક નથી. મને મારી વાતોનો ખૂબ પસ્તાવો છે. હું આખા દેશ પાસે માફી માંગું છું. કૃપા કરીને મને માફ કરી દો."તેણે આ ઘટનાને પોતાની પહેલી અને છેલ્લી ભૂલ ગણાવી અને ભવિષ્યમાં આવી ભૂલ ફરી નહીં થાય તેવી ખાતરી પણ આપી.આ મામલામાં નોંધાયેલી FIRમાં યુવતીની ઉંમર ૨૫ વર્ષ દર્શાવવામાં આવી હોવાનું કહેવાય છે. જોકે વાયરલ વીડિયોમાં યુવતી પોતે માત્ર ૧૫ વર્ષની હોવાનો દાવો કરે છે.આ બંને દાવાઓ વચ્ચે તફાવત હોવાથી તેની વાસ્તવિક ઉંમર અંગે સત્તાવાર રીતે કોઈ પુષ્ટિ થઈ નથી.યુવતીનો માફીનો વીડિયો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એક સોશિયલ મીડિયા સંદેશ બાદ સામે આવ્યો છે.PM મોદીએ પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે જંતર-મંતર ખાતે જે બન્યું તે સમગ્ર દેશે જોયું. કેટલાક ગેરમાર્ગે દોરાયેલા યુવાનોએ એવી ભાષાનો ઉપયોગ કર્યો જે કોઈપણ સંસ્કારી સમાજમાં સ્વીકાર્ય નથી.તેમણે કહ્યું કે તેમને તેમજ તેમની સ્વર્ગસ્થ માતા અંગે પણ અપશબ્દો કહેવામાં આવ્યા હતા.PM મોદીએ પોતાના સંદેશમાં કહ્યું હતું કે ગાળો કે બદલો કોઈ સમસ્યાનો ઉકેલ નથી. તેમણે સમાજને અપીલ કરી કે ગેરમાર્ગે દોરાયેલા યુવાનોને માત્ર સજા આપવાને બદલે તેમને સાચો માર્ગ બતાવવો જોઈએ. બાળપણ અને યુવાનીમાં ભૂલો થતી હોય છે, પરંતુ તેમાંથી શીખીને સુધારવાની તક પણ મળવી જોઈએ.

### મારણ ફિલ્મએ નેશનલ ફિલ્મ એવોર્ડમાં બેસ્ટ ગુજરાતી ફિલ્મનો ખિતાબ જીત્યો છે

# ‘મારણ’ ફિલ્મ ‘એકવાર’ જોવા જેવી !

## ગુજરાતને ગૌરવ અપાવનાર ફિલ્મ ડિરેક્ટર અભિષેક જૈન ‘કેવી રીતે જઈશ’, ‘રોંગ સાઈડ રાજુ’, ‘વિઠ્ઠલ તીડી’, બાદ ‘મારણ’ ફિલ્મને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અપાવ્યો






### યશ સોની, દીક્ષા જોષી, શ્રૃહદ ગોસ્વામી સિટી ન્યૂઝની મુલાકાતે





**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ આજે એક એવા મોડ પર ઊભો છે જ્યાં વાર્તાઓની પસંદગી અને ટેકનિકલ ગુણવત્તામાં સતત નવતર પ્રયોગો થઈ રહ્યા છે. આ બદલાતા પ્રવાહમાં એક નવો માઈલસ્ટોન ઉમેરતા, આગામી ફિલ્મ મારણ તદ્દન નવો અને અનોખો દ્રષ્ટિકોણ લઈને આવી રહી છે. ફેમિલી ડ્રામા અને કોમેડી ફિલ્મોની પરંપરાગત વ્યાખ્યાઓમાંથી બહાર નીકળીને આ ફિલ્મ દર્શકો માટે એક સંપૂર્ણપણે નવો અને યાદગાર સિનેમેટિક અનુભવ સાબિત કરી રહી છે.ફિલ્મ ’મારણ’ ની સૌથી મોટી ખાસિયત એ છે કે તે ગુજરાતી સિનેમામાં એક તદ્દન નવા જ વિષયવસ્તુની જોડે આ ફિલ્મ આવી રહી છે.. અત્યાર સુધી ગુજરાતી પડદા પર રોમેન્ટિક અથવા હળવી મનોરંજક કથાઓનું પ્રભુત્વ રહ્યું છે, પરંતુ ’મારણ’ દ્વારા ઈન્ટેન્સ થ્રિલર વિષયને અત્યંત સચોટ રીતે રજૂ કરવામાં આવ્યો છે. આ નવતર પ્રયોગ દર્શકોને પળવાર માટે પણ નજર હટાવવા નહી દે અને સિનેમાઘરોમાં સીટની ધાર પર બેસી રહેવા મજબૂર કરશે.માત્ર રોમાંચ અને મનોરંજન આપવા ઉપરાંત, આ ફિલ્મ સામાજિક રીતે અત્યંત સુસંગત વિષય પર આધારિત છે. ફિલ્મની વાર્તા વર્તમાન સમાજની ગંભીર વાસ્તવિકતાઓ, વ્યક્તિગત સંઘર્ષ અને નૈતિક મૂલ્યોના તાણાવાણાને ખૂબ જ ઊંડાણપૂર્વક વણી લે છે. તે માત્ર એક કાલ્પનિક કથા નથી, પરંતુ સમાજમાં પ્રવર્તતા અણઉકેલાયેલા પ્રશ્નો પર સોસરી ચોટ કરે છે અને પ્રેક્ષકોને વિચારવા માટે મજબૂર કરે છે. આ ફિલ્મને દરેક વર્ગના દર્શકો માટે જોવા જેવી છે.સિનેમા જગતના નિષ્ણાતો અને પ્રીમિયર શો દરમિયાન ફિલ્મ જોનારા વિવેચકો દ્વારા ’મારણ’ ને ઉચ્ચ કક્ષાની સરાહના મળી છે. ફિલ્મના પાવરફુલ કન્ટેન્ટ, દમદાર સ્ક્રીનપ્લે, પ્રભાવશાળી સંવાદો સિનેમેટોગ્રાફી અને સંગીતની ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે. ફિલ્મમાં કલાકારોએ જીવંત કરેલા પાત્રો અને તેમનો સ્વાભાવિક અભિનય આ કથાને વધુ મજબૂત બનાવે છે. વિવેચકોના મતે આ ફિલ્મ કન્ટેન્ટ-ડ્રિવન ગુજરાતી સિનેમા માટે એક નવો બેંચમાર્ક સ્થાપિત કરશે. નિર્માતા અને નિર્દેશકની ટીમે ગુજરાતી દર્શકોને આંતરરાષ્ટ્રીય સ્તરનું સિનેમા આપવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો છે.

સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગયેલી ફિલ્મ ’મારણ’ માત્ર એક ફિલ્મ નથી, પરંતુ ગુજરાતી ચલચિત્ર જગતમાં નવી દિશા ચીંધતી એક ક્રાંતિ છે.મારણ આપનાં નજીકના સિનેમાગ્રહોમાં રિલિઝ થઈ ચુકી છે,જો તમે સિનેમામાં કંઈક નવું, અર્થસભર અને ઉત્કંઠાથી સભર જોવા માંગતા હોવ, તો આ ફિલ્મ તમારા માટે એક અનિવાર્ય અનુભવ બની રહેશે. મારણ આપનાં નજીકના સિનેમાગ્રહોમાં રિલિઝ થઈ ચુકી છે,જો તમે સિનેમામાં કંઈક નવું, અર્થસભર અને ઉત્કંઠાથી સભર જોવા માંગતા હોવ, તો આ ફિલ્મ તમારા માટે એક અનિવાર્ય અનુભવ બની રહેશે..આ ફિલ્મના દિગ્દર્શક અભિષેક જૈન, અને અભિતેના યશ સોની, દીક્ષા જોશી અને શ્રૃહદ ગોસ્વામી રાજકોટની મુલાકાતે આવ્યા હતા.

'રતન' બનવા માટે વજન વધાર્યું, ડોક્યુમેન્ટરી જોઈ અને મહિલાઓ સુધી રિસર્ચ કર્યું

# હું નસીબદાર છું સારી ફિલ્મની સ્ક્રિપ્ટ મળી રહે છે : યશ સોની



## » યશ સોની ગુજરાતી સિનેમા માટે લકી બોય!

સિટી ન્યૂઝ@રાજકોટ

ભારે અવાજમાં યશ સોની બોલેલો આ શબ્દો માત્ર એક ડાયલોગ નથી, પરંતુ 'મારણ'ની આખી દુનિયાનો પરિચય કરાવે છે. જેને તાજેતરમાં ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડમાં 'બેસ્ટ ગુજરાતી ફિલ્મ'નો ખિતાબ જીત્યો છે, હવે આખરે ચાર વર્ષ બાદ ૩૧ જુલાઈએ થિયેટરોમાં ગુંજવા જઈ રહી છે. ગુજરાતી સિનેમાના 'ચોકલેટી બોય' તરીકે ઓળખાતા યશ સોની વિશે ઘણીવાર કહેવાય છે કે તે જે ફિલ્મમાં હોય તે હીટ જ હોય છે. આ વિશે પૂછતાં તેણે હસતાં કહ્યું, "એક તો જીવનમાં ગમતું કામ કરી રહ્યો છું, અને એ ગમતા કામમાં પણ સરસ સ્ક્રિપ્ટ ઓફર થઈ રહી છે. એટલે હું મારી જાતને નસીબદાર માનું છું. ફિલ્મોની પસંદગી અંગે યશ કહે છે, "વાર્તા સાંભળીને જ અંદરથી એવું લાગે કે આમાં કંઈક ખાસ કરવાની તક છે તો એવી ફિલ્મો તરફ મારો ઝુકાવ વધારે રહે છે. સાથે જ હું હંમેશાં મારા અગાઉના કામ કરતાં અલગ જોનર અજમાવવાનો પ્રયાસ કરું છું. 'મારણ' પસંદ કરવાનું કારણ એ હતું કે આ ફિલ્મમાં જે ઘટનાઓ છે, તે આપણી આસપાસ જ બનતી હોય છે. લોકો તેની સાથે સહેલાઈથી કનેક્ટ થઈ શકે છે અને એ જ વાત મને સ્પર્શી ગઈ. ફિલ્મમાં યશ 'રતન'ના પાત્રમાં જોવા મળશે, જે અત્યંત હિંસક અને ક્રૂર માણસ છે. આ પાત્ર માટે કરેલી તૈયારી વિશે તેઓ કહે છે, "મારે બે પ્રકારની તૈયારી કરવી પડી હતી. પ્રથમ, આ દુનિયાને સમજવાની. તેના માટે ડોક્યુમેન્ટરી જોઈ, આર્ટિકલ્સ વાંચ્યા અને જ્યાંથી શક્ય હોય ત્યાંથી માહિતી એકત્ર કરી. ડિરેક્ટર અભિષેક જૈન અને ફિલ્મના લેખક દિવ્યાબેન પાસે ખૂબ જ સચોટ રિસર્ચ હતું, જેના કારણે અમારું કામ સરળ બન્યું બીજી તૈયારી ફિઝિકલ અને મેન્ટલ ટ્રાન્સફોર્મેશનની હતી.

### યશ સોનીની સુપરહિટ ફિલ્મો

| વિશેષતા | ફિલ્મ |
|---|---|
| સૌથી વધુ કમાણી કરનારી ગુજરાતી ફિલ્મ | 3 Ekka |
| ક્રિટિક્સ દ્વારા સૌથી વધુ વખણાયેલી ગુજરાતી ફિલ્મ | જગત |
| થિયેટરોમાં સૌથી લાંબી ચાલનારી ગુજરાતી ફિલ્મ | ચાલ જીવી લઈએ |
| ગુજરાતી સિનેમાની સૌથી મોટી અને મોંઘી ફિલ્મ | રાડો |
| આઈકોનિક ગુજરાતી ફિલ્મ | છેલ્લો દિવસ |
| ગુજરાતી સિનેમાની સૌથી એક્સપરિમેન્ટલ | ડેની જીગર |
| અમિતાભ બચ્ચન સાથેની ફિલ્મ | ફક્ત મહિલાઓ માટે અને ફક્ત પુરુષો માટે |
| નેશનલ એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ | મારણ |

એક્ટ્રેસ દીક્ષા જોષીએ કહ્યું

# મારી પહેલી પસંદ હંમેશા વાર્તા હોય છે



સિટી ન્યૂઝ@રાજકોટ

લીડ એક્ટ્રેસ દીક્ષા જોષી હંમેશાં કન્ટેન્ટ-ડ્રિવન ફિલ્મો અને મજબૂત મહિલા પાત્રો માટે જાણીતી રહી છે. સ્ક્રિપ્ટ પસંદ કરવાની પોતાની રીત વિશે તેઓ કહે છે, "મારી પહેલી પસંદ હંમેશાં વાર્તા હોય છે, ત્યારબાદ પાત્ર. બાકીની બાબતોમાં હું ટીમ, કાસ્ટ અને ટેકનિકલ પાસાં પર ધ્યાન આપું છું. 'મારણ' પસંદ કરવાનું કારણ જણાવતાં દીક્ષા કહે છે, "૨૦૧૫-૧૬માં મેં 'બે યાર' જોઈ હતી. ત્યારથી મનમાં એક ઈચ્છા હતી કે જો હું ગુજરાતી ફિલ્મોમાં કામ કરીશ, તો અભિષેક જૈન સાથે જરૂર કરીશ. કોરોના પછી તેમનો ફોન આવ્યો, તેમણે પાત્ર અને ફિલ્મનો પ્લાન સમજાવ્યો. મારી તો પહેલેથી જ તેમની સાથે કામ કરવાની ઈચ્છા હતી અને સાથે આટલી સારી વાર્તા મળી, એટલે સોનામાં સુગંધ ભળ્યા જેવું લાગ્યું. ફિલ્મમાં દીક્ષા એવી યુવતીનું પાત્ર ભજવી રહ્યા છે, જે અત્યાચારનો ભોગ બને છે. આ પ્રકારના ભાવનાત્મક પાત્રમાંથી બહાર આવવું કેટલું મુશ્કેલ રહ્યું, તેના જવાબમાં તેઓ કહે છે, "આવી ફિલ્મોમાં ટીમનો સાથ ખૂબ મહત્વનો હોય છે. મારા કો-એક્ટર અને ડિરેક્ટર દરેક પગલે મારી સાથે ઊભા રહ્યા, જેથી સેટનું વાતાવરણ સામાન્ય રહે. હું અને યશ માત્ર સ્ક્રિપ્ટની માંગ પ્રમાણે કામ કરી રહ્યા હતા. પરંતુ એક દિવસ શૂટિંગ પૂરું થયા પછી અભિષેક સર મને સાઈડમાં લઈ ગયા અને માત્ર એટલું પૂછ્યું, 'તું ઠીક છે?' બસ, એ સાંભળીને હું સીધી રડી પડી. તેમણે મને ગળે લગાવી લીધી. કદાચ આ જ કારણ છે કે આ પાત્ર મારા પર હાવી થઈ શક્યું નહીં.

**'બે યાર' પછી નક્કી કર્યું હતું અભિષેક જૈન સાથે કામ કરવું જ છે**


PRESENTED BY
Velvet Circle
સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
MEGA
HOUSIE
CARNIVAL
15 AUGUST
4:30 PM
REGISTRATION
OPEN
WIN THE GRAND PRIZE
PLAY BIG
WIN GOLD
REGISTRATION FEE
1000₹
SEASONS RAJKOT
4 MAN
WHERE LUXURY FEELS
ADANI SPICES
Creators of Taste
Organika Skin Clinic
SHREE HARI
Diamond & Polki
Upgrade
The Car Accessories Galleria
WILLOW WIND
EDUCATION
VIONIQ
vns
Valji Nathwani & Sons.
BHATTU'S
NAIL STUDIO
Gaurav
JEWELLERS
Unique, As you
AKRUTI
SALON & ACADEMY
BAN
SMILE
KRISHNA
Water Park & Resort

## કાલે રવિવારે ફ્રેન્ડશીપ-ડેઃ જીવનમાં મસ્તીખોર મિત્રો જ જીવનને પૂર્ણ બનાવે છે

# મિત્રો વગરની લાઈફ અધુરી !

**જીવનમાં પૈસા, નામ અને સફળતા બધુ મળી શકે પણ જો સાચા મિત્રો ન હોય તો એ બધુ ખાલી ખાલી લાગેઃ મિત્રતા એ જીવનનો સૌથી સુંદર અધ્યાય છે જેને સમય ક્યારેય જૂનો નથી બનાવતો**






મિત્રો વગરની લાઈફ સાચે જ અધૂરી હોય છે. જીવનમાં પૈસા, નામ અને સફળતા બધું મળી શકે, પણ જો સાચા મિત્રો ન હોય તો એ બધું ખાલી ખાલી લાગે છે. મિત્રો એ જીવનના એવા રંગ છે, જે દરેક ક્ષણને ખુશીઓથી ભરપૂર બનાવી દે છે. મિત્ર એ છે, જે આપણું મૌન પણ સમજી જાય... મિત્ર એ છે, જે આપણા ચહેરા પાછળ છુપાયેલું દુખ પણ વાંચી લે... અને મિત્ર એ છે, જે કોઈ કારણ વગર પણ આપણને હસાવી દે.જીવનના દરેક પડાવે--- બાળપણથી લઈને વૃદ્ધાવસ્થા સુધી--- મિત્રો આપણો સૌથી મોટો સહારો બને છે. જયારે દુનિયા આપણાથી દૂર થઈ જાય, ત્યારે એક મિત્ર જ હોય છે જે કહે, “તુ ચિંતા ના કર, હું તારા સાથે છું.” આજના સમયમાં ઘણા લોકો ઓળખાણમાં હોય છે, પણ સાચા મિત્રો બહુ ઓછા મળે છે. કારણ કે મિત્રતા શબ્દોથી નહીં, પરંતુ દિલથી બને છે. અને જે દિલથી બને, એ ક્યારેય તૂટતી નથી.મિત્ર એ નથી જે માત્ર સારા સમયમાં સાથે હોય...

મિત્ર એ છે, જે ખરાબ સમયમાં પણ હાથ છોડતો નથી. જ્યારે આખી દુનિયા આપણાથી દૂર થઈ જાય, ત્યારે એક મિત્ર જ હોય છે જે કહે--- “હું છું ને!” બાળપણના નિર્દોષ સાથી હોય કે જીવનના સંઘર્ષમાં મળેલા મિત્ર--- દરેક મિત્રતા આપણને કંઈક શીખવે છે. ક્યારેક હસાવે છે, ક્યારેક રડાવે છે, પણ અંતે જીવનને વધુ સુંદર બનાવે છે. સાચી મિત્રતા શબ્દોમાં નથી સમજાતી, એ તો માત્ર અનુભવે જ જીવાય છે.

આજના ડિજિટલ યુગમાં હજારો કનેક્શન બની શકે, પણ દિલથી જોડાયેલા થોડા મિત્રો જ સાચા હોય છે. કારણ કે મિત્રતા ફોલોઅર્સથી નહીં, ફીલિંગ્સથી માપાય છે.આ ફ્રેન્ડશિપ ડે પર, ચાલો એક મેસેજ કે કોલથી નહીં... પણ દિલથી આપણા મિત્રોનો આભાર માનીએ. કારણ કે જીવનમાં જો કોઈ સૌથી મોટો ખજાનો હોય, તો એ છે--- સાચા મિત્રો.

**આજના ડિજિટલ યુગમાં હજારો કનેક્શન બની શકે પણ દિલથી જોડાયેલા થોડા મિત્રો જ સાચા હોય છે કારણ કે મિત્રતા ફોલોઅર્સથી નહીં ફિલિંગ્સથી મપાય છે**

### બેંક ફ્રોડનો ખુલાસો: 50 હજારમાં સેવિંગ અને કરંટ એકાઉન્ટ ફ્રીઝ થતા જ ખોલાવી આપવાનો દાવો

# બેંક કર્મચારીઓ ફ્રોડ માટે ખાતા ખોલી રહ્યા છે

## દુબઈથી ચાલતી બેટિંગ સાઈટ માટે એકાઉન્ટ ખોલી આપતા તમામ સટ્ટાનો પૈસો ફ્રોડ ખાતામાં જમા કરી રહ્યા છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સાઈબર અપરાધના નાણાં ક્યાં જાય છે? તેને ઠેકાણે પાડનારાઓ સુધી પોલીસ કેમ પહોંચી શકતી નથી? એકાઉન્ટની માહિતી મળવા છતાં રકમ હાથમાં કેમ નથી આવતી? અમે આ પ્રશ્નોના જવાબો શોધવાનું શરૂ કર્યું ત્યારે મ્યુલ એકાઉન્ટ વિશે જાણવા મળ્યું. આ એવા બેંક એકાઉન્ટ છે, જે બીજાના નામે ખુલે છે, પરંતુ તેનો ઉપયોગ સાયબર અપરાધીઓ ગેરકાયદેસર રકમ એક ખાતામાંથી બીજા ખાતામાં મોકલવા માટે કરે છે.હવે પ્રશ્ન એ હતો કે મ્યુલ એકાઉન્ટ ખુલે કેવી રીતે છે, શું બેંકને તેની ખબર હોતી નથી? તપાસ આગળ વધી, તો અમે મ્યુલ એકાઉન્ટ ખોલાવનાર એક એજન્ટ સુધી પહોંચ્યા. તેણે અમને રાજધાનીની ૩ પ્રાઈવેટ બેંકોના સ્ટાફ અને અધિકારીઓ સાથે મુલાકાત કરાવી. તેમણે ૩૦-૩૫ બેંકોમાં માત્ર આવા એકાઉન્ટ ખોલાવવાનો દાવો ન કર્યો, પરંતુ રકમ ન ફસાવા દેવાનો ભરોસો પણ અપાવ્યો. એજન્ટ અને બેંક સ્ટાફનું આ નેટવર્ક કેવી રીતે કામ કરે છે, બેંકિંગ સિસ્ટમની કઈ ખામીઓનો ફાયદો ઉઠાવીને આ મ્યુલ એકાઉન્ટ ખોલી રહ્યા છે.

### પહેલી મુલાકાત મુકુલ વર્મા સાથે




**દાવો ૫૦ હજાર રૂપિયામાં સેવિંગ એકાઉન્ટ, કમિશન પર કૉર્પોરેટ એકાઉન્ટ**

પહાડગંજમાં રહેતો એજન્ટ મુકુલ વર્મા ફેક બેંક એકાઉન્ટના કારોબારમાં સક્રિય છે. અમે તેનો સંપર્ક કર્યો અને પોતાને ઓનલાઈન સટ્ટાબાજીની વેબસાઈટ સાથે જોડાયેલા હોવાનું જણાવ્યું. મુકુલે દાવો કર્યો કે તેની પાસે ૭૦-૮૦ છોકરાઓ છે, જેના ડૉક્યુમેન્ટ્સ પર તે સેવિંગ, કરંટ અને કૉર્પોરેટ એકાઉન્ટ ખોલાવીને આપી શકે છે. પછી મુકુલને અમે કૉનૉટ પ્લેસ પર એક રેસ્ટોરન્ટમાં મળ્યા.

રિપોર્ટર- તમારી પાસે આવા એકાઉન્ટ ખોલાવવા માટે માણસો છે.

મુકુલ- હા, એવા છોકરાઓ છે, જેમણે ૨, ૪, ૫ હજાર રૂપિયામાં એકાઉન્ટ ખોલાવી લીધું. તેમને ફક્ત પૈસાથી મતલબ છે. બધા બહારના હશે, જેમ કે- ઝારખંડ, યુપી. દર અઠવાડિયે કિટ સાથે ઓછામાં ઓછા ૧૦ એકાઉન્ટ આપી શકું છું.

રિપોર્ટર- કિટમાં શું રહેશે

મુકુલ-એટીએમ, ચેક બુક, સિમ કાર્ડ. અત્યારે એકાઉન્ટના ભાવ ૪૦-૫૦ હજાર ચાલી રહ્યા છે, કૉર્પોરેટ (એકાઉન્ટ) માટે છોકરાને કહી દીધું છે, તે પર્સન્ટેજ પર ચાલશે.

રિપોર્ટર- પહેલાં કેટલા પર્સન્ટેજ પર લઈ રહ્યા હતા

મુકુલ- સાડા ૩ પર્સન્ટેજ પર ચલાવ્યું હતું

મુકુલની વાતો પરથી સ્પષ્ટ થઈ ગયું કે તે આ નેટવર્કમાં માત્ર વચેટિયો નથી, મોટો ખેલાડી છે. તેણે જ અમને યસ બેંકના સ્ટાફ રોહતાસ સુધી પહોંચાડ્યો. મુકુલે પહેલાં ફોન પર વાત કરાવી. પછી મળવાનો દિવસ અને સમય નક્કી થયો. અહીંથી મ્યુલ બેંક એકાઉન્ટ રૅકેટની કડીઓ જોડાવાની શરૂ થઈ.

### બીજી મુલાકાત રોહતાસ સાથે




**દાવો ૪૦-૫૦ લાખના ટ્રાન્ઝેક્શન માટે કમિશન પર કરંટ એકાઉન્ટ**

રોહતાસે અમને યસ બેંકની પહાડગંજ બ્રાન્ચ બોલાવ્યા. પછી વાતચીત માટે અમે નજીકની એક રેસ્ટોરન્ટમાં ગયા. સાથે એજન્ટ મુકુલ પણ હતો. અહીં તેણે ફેક એકાઉન્ટ ખોલાવવાના નેટવર્ક અને રીત-રિવાજોનો ખુલાસો કરવાનું શરૂ કર્યું.

રિપોર્ટર- દુબઈથી ચાલતી બેટિંગ સાઈટ માટે એકાઉન્ટ જોઈએ છે. સેવિંગ કે કરંટ કોઈ પણ મળી જાય, બસ લિમિટ સારી હોવી જોઈએ.

રોહતાસ- આમાંથી મોટાભાગના પર સાયબર ક્રાઈમની નોટિસ આવી જાય છે. આજકાલ બેંકોમાં આવા એકાઉન્ટ વધારે ખુલી રહ્યા છે, અમને પણ એલર્ટ કરવામાં આવ્યા છે.

રિપોર્ટર- મુકુલ પાસે ઝારખંડના ૭૦-૮૦ છોકરાઓ છે, તેમના જ નામે એકાઉન્ટ ખોલવાના છે.

રોહતાસ- હા, ખોલી દેશું. આપણા એક-બે સાથીઓ પાસે પણ ખોલાવી દેશું. કરંટ એકાઉન્ટ પણ મળી જશે. એક કસ્ટમર આ જ કામ કરે છે. તે ૧૦-૨૦ લાખ કે ૪૦-૫૦ લાખના મોટા ટ્રાન્ઝેક્શન માટે એકાઉન્ટ કમિશન પર આપે છે.

રિપોર્ટર- થોડું ટ્રાન્ઝેક્શનનું જણાવો, બધો સટ્ટાનો પૈસો જ આવશે.

રોહતાસ- એકાઉન્ટમાં AMB (એવરેજ મંથલી બેલેન્સ) બનાવીને ચાલવું પડશે, તેથી તેમાં એક દિવસ પૈસા નાખો અને બીજા દિવસે ઉપાડી લો. એક જ દિવસ પૈસા આવવા અને વિડ્રો કરવા પર એકાઉન્ટ ફ્રીઝ થવાનું જોખમ વધારે છે.

રિપોર્ટર- સાયબર ક્રાઈમથી કોઈ એલર્ટ આવ્યો, તો અમને કેવી રીતે ખબર પડશે.

રોહતાસ- એકાઉન્ટમાં એલર્ટનો એક મેમો આવે છે. આપણે એકાઉન્ટ ખોલીશું, તો તેના પર નજર રાખીશું.

રિપોર્ટર- એકાઉન્ટ ૬ મહિના તો ચાલી જ જશે.

રોહતાસ- આરામથી ચાલી જશે.આ પછી રોહતાસે અમને આગલી કડી સુધી પહોંચાડ્યો. તેણે યસ બેંકની મૉડલ ટાઉન બ્રાન્ચમાં કામ કરતા અશ્વિની કુમાર સાથે વાત કરી અને આપણી મીટિંગ ફિક્સ કરાવી.






### સૂરતની ચોંકાવનારી ઘટના

# સૂતેલી માતાને ગળેટૂંપો આપી દીકરાએ ગળાફાંસો ખાધો

## સુરતમાં શેરબજારમાં 40 લાખનું દેવું થતા પાટીદાર યુવક હેવાન બન્યો





**સિટી ન્યૂઝ@સુરત**

સુરતમાં વરાછાના અશ્વિનીકુમારમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. એ.કે. રોડ પર આવેલી રૂપમ સોસાયટીમાં રહેતા ૩૬ વર્ષીય પાટીદાર યુવકે શેરબજારમાં અંદાજે રૂ. ૪૦થી ૫૦ લાખનું જંગી દેવું થઈ જતાં પોતાની ૬૩ વર્ષીય માતાની ગળે ટૂંપો આપી દઈ નિષ્ઠુરતાપૂર્વક હત્યા કરી નાખી હતી. માતાનો જીવ લીધા બાદ યુવકે પોતે પણ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે જતીન સોનાણી મૂળ તેના નાના કાકા ત્રિભુવનભાઈનો પુત્ર હતો. જ્યારે તે માત્ર ૬ મહિનાનો હતો ત્યારે નિસંતાન મોટા પપ્પા જગદીશભાઈ અને તેમના પત્ની ભાનુબેને તેને દત્તક લીધો હતો. વર્ષ ૨૦૧૪માં પતિના અવસાન બાદ પણ માતા-પુત્ર સાથે હસી-ખુશીથી રહેતા હતા. ગુરુવારે(૩૦ જુલાઈ) રાત્રે પણ બંને પાડોશીઓ સાથે હસી-મજાક કરીને રૂમમાં ગયા હતા, પરંતુ કોને ખબર હતી કે જે પુત્રને બાળપણથી પ્રેમથી ઉછેર્યો હતો, એ જ પુત્ર દેવાના બોજ તળે કાળ બનીને માતાનો ભોગ લેશે. આ ઘટનાની જાણ થતાં જ અશ્વિનીકુમાર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસને ઘરના રૂમમાંથી એક પાનાની હાથે લખેલી સુસાઇડ નોટ મળી આવી હતી. આ સુસાઇડ નોટમાં આર્થિક સંકટ, દેવાની લેવડ-દેવડ અને પરિવારની માફીનો ઉલ્લેખ કરાયો છે. પોલીસે સુસાઇડ નોટ કબજે કરીને ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

મૃતકની ઓળખ અંગે મળતી માહિતી અનુસાર, આ પરિવાર મૂળ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના મહેસાણકા ગામનો વતની હતો. ૩૬ વર્ષીય જતીન જગદીશ સોનાણી પોતાની ૬૩ વર્ષીય માતા ભાનુબેન સાથે હાલ વરાછા એલ.એચ. રોડ સ્થિત રૂપમ સોસાયટી વિભાગ-૧ના પહેલા માળે ભાડાના મકાનમાં રહેતો હતો. પિતાના અવસાન બાદ માતા-પુત્ર બંને સાથે રહીને પોતાનું ગુજરાન ચલાવતા હતા.

જતીનના ભૂતકાળ પર નજર કરીએ તો તે અગાઉ એક સ્ટેશનરીની દુકાનમાં સામાન્ય નોકરી કરતો હતો અને સાથે-સાથે શેરબજારનું નાનું-મોટું કામકાજ સંભાળતો હતો. જાતે કમાઈને આગળ વધવાની ઘેલછામાં તેણે અઢી-ત્રણ મહિના પહેલા જ સ્ટેશનરીની નોકરી છોડી દીધી હતી અને સુરતના મીની બજાર ખાતે શેરબજારની પોતાની સ્વતંત્ર ઓફિસ શરૂ કરી હતી. શેરબજારમાં નસીબ અજમાવવા ગયેલા જતીનને ધાર્યા મુજબ સફળતા ન મળી અને તેના દાવ ઊંધા પડ્યા હતા. ટૂંકા સમયમાં જ તેને શેરબજારમાં ભારે નાણાકીય નુકસાન વેઠવું પડ્યું હતું. જોતજોતામાં તેના માથે આશરે રૂ. ૪૦થી ૫૦ લાખનું જંગી દેવું થઈ ગયું હતું.

### મધ્યપ્રદેશની ઘટના : દીકરો જોઈતો હતો

# દીકરીનો જન્મ થતા માતાએ બ્લૂ ડ્રમમાં ડૂબાડીને મારી નાંખી



## બીજી દીકરી આવી, ચિંતા હતી ભરણપોષણ કેવી રીતે થશે

**સિટી ન્યૂઝ@ભોપાલ**

મધ્ય પ્રદેશના સીધી જિલ્લામાં એક માતાએ પોતાની ૪ દિવસની દીકરીને તડપાવી તડપાવીને મારી નાખી. માતાએ બાળકીને બ્લુ ડ્રમમાં ભરેલા પાણીમાં ડુબાડી દીધી. પાણીમાં વધુ સમય સુધી ડૂબી રહેવાથી બાળકીનો શ્વાસ રૂંધાઈ ગયો. આ ઘટના ચુરહટના ભેલકી ગામની છે.

મૃત બાળકીની ઓળખ પ્રિશા પટેલ (૪ દિવસ) તરીકે થઈ છે. તેના પિતા પંકજ પટેલ અને માતા સોનુ પટેલ (૨૧) છે. પોલીસના જણાવ્યા અનુસાર, બાળકીનો મૃતદેહ પાણી ભરેલા ડ્રમમાંથી મળ્યો છે. હત્યા કર્યા બાદ માતા પોતાની દીકરીના મૃતદેહને ખોળામાં લઈને બેસી રહી હતી.

પરિવારજનોના જણાવ્યા અનુસાર, સોનુ પટેલે ૨૬ જુલાઈએ ચુરહટના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં બાળકીને જન્મ આપ્યો હતો. પરિવારે તેનું નામ પ્રિશા રાખ્યું હતું. ૨૮ જુલાઈએ હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ માતા અને નવજાત ઘરે પરત ફર્યા હતા.

૩૦ જુલાઈએ સવારે ૧૧ વાગ્યે નવજાત તેના પલંગ પર મળી ન હતી. પરિવારજનોએ ઘર અને આસપાસ શોધખોળ કરી. આ દરમિયાન ઘરની સામે રાખેલા પાણી ભરેલા બ્લુ



પ્લાસ્ટિકના ડ્રમમાંથી બાળકીનો મૃતદેહ મળ્યો. ડ્રમનું ઢાંકણું ખુલ્લું હતું, પરંતુ તેમાં પાણી ભરેલું હતું.

બાળકીના પિતા પંકજ પટેલે જણાવ્યું કે તેમના મોટા ભાઈને ત્રણ દીકરીઓ છે, જ્યારે પ્રિશા તેમની બીજી સંતાન હતી. તેમણે કહ્યું કે તેઓ ગામમાં મજૂરી કરે છે. તેમની પાસે આજીવિકાનું કોઈ કાયમી સાધન નથી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી. ફોરેન્સિક ટીમે ઘટનાસ્થળનું નિરીક્ષણ કરીને પુરાવા એકઠા કર્યા. શબનો પંચનામું તૈયાર કરવામાં આવ્યું. પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું. પોલીસે પરિવારજનો અને આસપાસના લોકોની પણ પૂછપરછ કરી.

## આજથી અનેક નિયમોમાં મોટાપાયે ફેરફાર

# આજથી મોંઘવારીની ‘સત્તા’

## ચા, હેર ઓઈલ, રેફ્રિજરેટર, ટીવી રેડીમેટ કપડા, કારના ભાવમાં થયો વધારો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**




આ ફેરફારોને અવગણવાથી બિનજરૂરી નાણાકીય નુકસાન થઈ શકે છે. ચાલો આ નવા નિયમો પર એક નજર કરીએ, જેની સીધી અસર તમારા ખિસ્સા પર પડવાની છે.

નોકરીયાત કરદાતાઓ માટે ITR-૧ અને ITR-૨ રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૬ હતી. હવે સમયમર્યાદા પૂરી થઈ ગઈ હોવાથી, જે લોકો હવે રિટર્ન ફાઇલ કરશે તેમને તેમની કરપાત્ર આવકના આધારે લેટ ફી અને દંડ ચૂકવવો પડશે. તેથી વધારાનો ખર્ચ ટાળવા માટે વહેલી તકે ITR ફાઇલ કરવું જરૂરી છે. આ દંડ તમારી કુલ કરપાત્ર આવકના આધારે નક્કી કરવામાં આવશે. તેથી, જો તમે હજુ સુધી તમારું રિટર્ન ફાઇલ કર્યું નથી, તો વધારાના નાણાકીય બોજથી બચવા માટે તેને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરો.

બીજી તરફ, ઘણી મોટી બેંકોએ આજથી તેમના ક્રેડિટ કાર્ડ નિયમો પણ કડક કર્યા છે. રિવોર્ડ પોઈન્ટ્સ, લેટ પેમેન્ટ ચાર્જ અને પ્રોસેસિંગ ફી અંગેના નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે. કાર્ડધારકોએ પોતાની બેંકના નવા નિયમો જાણી લેવા જોઈએ જેથી વધારાના ચાર્જથી બચી શકાય.

અચાનક ટ્રેન મુસાફરી કરનારાઓ માટે પશ્ચિમ મધ્ય રેલવેએ રિઝર્વેશન કાઉન્ટર પર તત્કાલ ટિકિટ માટે ટોકન સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. હવે મુસાફરોને લાંબી લાઇનમાં ઊભા રહેવાની જરૂર નહીં પડે. પહેલા ટોકન મળશે અને તે મુજબ જ ટિકિટ આપવામાં આવશે. જેના કારણે સમગ્ર પ્રક્રિયા વધુ સરળ બનશે.

વધુમાં, બેંકિંગ સિસ્ટમને વધુ સુરક્ષિત બનાવવા માટે સેન્ટ્રલ KYC (CKYC) ૨.૦ તબક્કાવાર લાગુ કરવામાં આવી રહી છે. તમારે હવે બેંકો અથવા વીમા કંપનીઓને વારંવાર KYC દસ્તાવેજો સબમિટ કરવાની જરૂર રહેશે નહીં. નવી સિસ્ટમ ચકાસણીને ઝડપી, સલામત અને વધુ પારદર્શક બનાવશે.

મહિનાથી સામાન્ય ગ્રાહકોને મોંઘવારીનો વધુ એક ઝટકો લાગી શકે છે. કાચા માલના વધતા ભાવ, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ, વધતા માલભાડા અને રૂપિયાની નબળાઈને કારણે અનેક કંપનીઓ પોતાના ઉત્પાદનોના ભાવ વધારવાની તૈયારીમાં છે.

ઓગસ્ટથી પેકેજ્ડ ચા, હેર ઓઈલ, રેફ્રિજરેટર, ટેલિવિઝન, રેડીમેડ કપડાં અને પેસેન્જર વાહનોના ભાવમાં ૪થી ૮ ટકાનો વધારો થઈ શકે છે. કંપનીઓ કહે છે કે તહેવારોની મોસમ શરૂ થાય તે પહેલાં આ છેલ્લો ભાવ વધારો હોઈ શકે છે.

દેશની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની મારુતિ સુઝુકી ઓગસ્ટથી કારના ભાવમાં ૧૫,૦૦૦થી ૩૦,૦૦૦ સુધીનો વધારો કરી શકે છે. હોન્ડા કાર્સ ઈન્ડિયા પણ ૧ ઓગસ્ટથી ભાવ વધારવાની યોજના બનાવી રહી છે. જ્યારે મર્સિડીઝ-બેન્ઝ ઇન્ડિયાએ પણ આગામી ક્વાર્ટરમાં ભાવ વધારાનો સંકેત આપ્યો છે. ટાટા મોટર્સ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ પહેલાથી જ આ મહિને ભાવ વધારી ચૂક્યા છે.

ઇલેક્ટ્રોનિક્સ કંપનીઓ ઓગસ્ટથી ટીવી, રેફ્રિજરેટર અને અન્ય ઉપકરણોના ભાવમાં ૪થી ૬ ટકાનો વધારો કરવાની તૈયારી કરી રહી છે. મેમરી ચિપ્સના વધતા ભાવ, સપ્લાય ચેઈન સમસ્યાઓ અને વધતા આયાત ખર્ચને કારણે કંપનીઓ પર ખર્ચનું દબાણ વધ્યું છે. FMCG કંપનીઓ કહે છે કે પેટ્રોલિયમ આધારિત પેકેજિંગ સામગ્રી, ખાદ્ય તેલ અને અન્ય કાચા માલના ભાવમાં સતત વધારાને કારણે ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે. આ જ કારણ છે કે કંપનીઓ હવે આ બોજ ગ્રાહકો પર નાખવાની ફરજ પડી રહી છે.




## અદાણી CNGમાં રૂપિયાનો વધારો

અદાણી કંપની દ્વારા CNGના ભાવમાં ફરી એક વખત તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. CNGના ભાવમાં અદાણી કંપની દ્વારા ૪ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. એક જ દિવસમાં ૪ રૂપિયાનો CNGના ભાવમાં વધારો કરવામાં આવતા હવે CNGનો ભાવ ૯૪.૦૨ રૂપિયા પહોંચી ગયો છે. અગાઉ પણ અનેક વખત ભાવમાં વધારો કરવામાં આવતા રિક્ષા ચાલકો અને CNG વાહન ચાલકોને મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે.

## કોમર્શિયલ સિલિન્ડર 200 રૂપિયા સસ્તો થયો

તેલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડર સરેરાશ ૧૮૦ રૂપિયા સુધી સસ્તો કરી દીધો છે. દિલ્હીમાં તેની કિંમત ૨૯૩૦ થઈ ગઈ છે. પહેલા તે ૩૧૧૩.૫૦ માં મળતો હતો. કોમર્શિયલ સિલિન્ડરના ભાવ ઘટવાથી રેસ્ટોરન્ટ માલિકોનો ખર્ચ ઘટશે. આવી સ્થિતિમાં તેઓ ચા, નાસ્તો અને થાળી સસ્તા કરી શકે છે. લગ્નોની કેટરિંગ પણ સસ્તી થઈ શકે છે.



## શું બદલાવ થયા


- અદાણી CNGના ભાવમાં ફરી વધારો થયો
- કોમર્શિયલ ગેસ સિલિન્ડર સરેરાશ ૧૮૦ રૂપિયા સસ્તો
- રેલવેઃ તત્કાલ ટિકિટ માટે નવી ટોકન સિસ્ટમ
- RBI મોનેટરી પોલિસીઃ લોન EMI અને FD દરો પર અસર
- CKYC ૨.૦: દરેક નવી જગ્યાએ દસ્તાવેજો જમા કરાવવાની જરૂર નથી
- ક્રેડિટ કાર્ડ અને બેન્કિંગઃ બિલિંગમાં પારદર્શિતા




# નીમ કરોલી બાબાથી પ્રેરિત ફિલ્મી 'હનુમાન અંશ' 7 ઓગસ્ટે રિલિઝ થશે

સિટી ન્યૂઝ@મુંબઈ

આધ્યાત્મિક અને ધાર્મિક વિષયો પર આધારિત ફિલ્મોનો ક્રેઝ આ દિવસોમાં દર્શકોના શિરે ચડીને બોલી રહ્યો છે. દર્શકો મોટા પડદા પર એવી વાર્તાઓ જોવાનું ખૂબ પસંદ કરી રહ્યા છે જે તેમને તેમની જડો અને આસ્થા સાથે જોડે છે. આ જ કડીમાં લાંબા સમયથી ચર્ચામાં રહેલી અપકમિંગ ફિલ્મ 'હનુમાન અંશ' (Hanuman Ansh) ને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે.



મહાન સંત નીમ કરોલી બાબાના જીવન અને તેમની અદ્ભુત વારસાથી પ્રેરિત હોવાનું જણાવાતી આ ફિલ્મની રાહ જોઈ રહેલા પ્રશંસકોએ હજુ થોડી વધુ રાહ જોવી પડશે. મેકર્સે છેલ્લી ઘડીએ તેની રિલીઝ ડેટમાં ફેરફાર કરી દીધો છે, જેના કારણે હવે આ ફિલ્મ તેની નક્કી કરેલી તારીખે સિનેમાઘરોમાં રિલીઝ થશે નહીં. ચાલો વિગતવાર જાણીએ કે ફિલ્મની રિલીઝ કેમ મોકૂફ રાખવામાં આવી છે, હવે તે ક્યારે રિલીઝ થશે અને તેની સાથે જોડાયેલી અન્ય ખાસ બાબતો શું છે. અગાઉ આ ફિલ્મ ૩૧ જુલાઈએ દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી. ફિલ્મના પ્રમોશન અને ટીઝર-ટ્રેલરને લઈને દર્શકોમાં ભારે ઉત્સાહ પણ જોવા મળી રહ્યો હતો. જોકે, આખરી સમયે મેકર્સે તેની રિલીઝ ડેટને આગળ વધારવાનો નિર્ણય લીધો. ખાસ વાત એ છે કે મેકર્સ તરફથી રિલીઝ ડેટ બદલવા પાછળના કોઈ ખાસ કારણ કે બાબતનો સત્તાવાર ખુલાસો કરવામાં આવ્યો નથી. પરંતુ ફિલ્મ જગતના જાણકારોનું માનવું છે કે સારી રણનીતિ, પ્રમોશન માટે થોડો વધુ સમય મેળવવા અથવા તો ટેકનિકલ સુધારાઓને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હોઈ શકે છે. મેકર્સનો મુખ્ય હેતુ એ જ છે કે તેઓ દર્શકોને મોટા પડદા પર એક શાનદાર અને ત્રુટિહીન અનુભવ આપે. મેકર્સે પ્રશંસકોને વધુ નિરાશ ન કરતા તરત જ તેની નવી રિલીઝ ડેટનું એલાન પણ કરી દીધું છે. હવે 'હનુમાન અંશ' તેના નક્કી કરેલા સમયથી બરાબર એક અઠવાડિયા પછી એટલે કે ૭ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ મોટા પડદા પર દસ્તક દેશે. રિલીઝની તારીખ બદલવાની સાથે જ મેકર્સે ફિલ્મનું એક નવું અને અપડેટેડ ટ્રેલર પણ રિલીઝ કર્યું છે, જેમાં કેટલાક નાના-મોટા ફેરફારો અને કટ્સ કરવામાં આવ્યા છે.

# ગિલે કહ્યું મુંબઈમાં મારો એક જ સહારો છે
# શહેનાઝ ગીલ અને રાઘવ જૂયાલ પ્રેમમાં!



સિટી ન્યૂઝ@મુંબઈ

શહેનાઝ ગિલ અને રાઘવ જુયાલ વચ્ચેના સંબંધો અંગેની અટકળો ઘણા સમયથી ફરતી થઈ રહી છે. થોડા દિવસો પહેલા જ્યારે શહેનાઝ રાઘવના જન્મદિવસની પાર્ટીમાં હાજરી આપી ત્યારે આ અફવાઓએ વધુ વેગ પકડ્યો. ભીડ વચ્ચે, રાઘવ શહેનાઝનું રક્ષણ કરતો જોવા મળ્યો અને બંને હાથ પકડીને જોવા મળ્યા. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં શહેનાઝ ગિલે ખુલ્લેઆમ આ ડેટિંગ અફવાઓનો ઉલ્લેખ કર્યો અને અભિનેતા રાઘવની પ્રશંસા પણ કરી. પંજાબી અભિનેત્રી શહેનાઝ ગિલ બિગ બોસ ૧૩થી પ્રખ્યાત થઈ અને ત્યારથી તેણે સલમાન ખાન સાથે ફિલ્મ કિસી કા ભાઈ કિસી કી જાનમાં બોલિવૂડમાં પ્રવેશ કર્યો. રાઘવ જુયાલે પણ આ જ ફિલ્મમાં અભિનય કર્યો. સલમાન ખાને ટિપ્પણી કર્યા પછી બંને વચ્ચેના સંબંધ અંગેની અટકળો શરૂ થઈ.

# મોન્સૂનમાં પહેરો બ્રાઈટ એન્ડ બોલ્ડ કલર





ચોમાસામાં સ્ટાઈલિશ દેખાવા માટે માત્ર ટ્રેન્ડી આઉટફિટ્સ પસંદ કરવાં પૂરતાં નથી. એનો રંગ પણ એટલો જ મહત્ત્વનો હોય છે. ઘણા લોકો વરસાદમાં હળવા રંગનાં કપડાં પહેરી લે છે, પરંતુ કીચડના છાંટા અને ભીંજાયા પછી થતી ટ્રાન્સપરન્સીને કારણે આખો લુક બગડી જાય છે. એથી જ ફૅશન એક્સપર્ટ્સ ચોમાસામાં એવા બ્રાઇટ અને બોલ્ડ કલર પૅલેટ પસંદ કરવાની સલાહ આપે છે જે સ્ટાઇલની સાથે પ્રૅક્ટિકલ પણ હોય. વાતાવરણ અને મૂડને બ્રાઇટ બનાવતા રંગો આ વાદળછાયા હવામાનમાં ડલ કલર્સ છોડીને એવા શેડ્સ પસંદ કરવા જોઈએ જે કીચડના ડાઘ છુપાવે અને સાથે જ આંખોને ગમે એવો બ્રાઇટ લુક આપે. ચોમાસાના નીરસ દિવસોમાં પીળો કે મસ્ટર્ડ શેડ એકદમ સનશાઇન જેવો ચમકારો લાવે છે. આ કલર જોતાં જ મૂડ ઇન્સ્ટન્ટ્લી ફ્રેશ થઈ જાય છે અને ભીંજાયા પછી પણ ટ્રાન્સપરન્સીનો કોઈ ડર નથી રહેતો. ટેરાકોટા અને રસ્ટ ઑરેન્જ અત્યારે ખૂબ જ ટ્રેન્ડમાં છે. આ રંગો માત્ર રૉયલ વાઇબ્સ જ નથી આપતા, પણ રસ્તા પરના કીચડ કે માટીના છાંટાને ખૂબીપૂર્વક છુપાવી દે છે.



## યુવાનોનો ટ્રેન્ડ બદલાયો : શિક્ષણ–કેરિયરને પ્રાથમિકતા

# દેશમાં ‘વાંઢા’ વધ્યા!

## ભારતમાં હાલમાં સ્ત્રીઓ કરતા 4.50 કરોડ વધુ પુરુષો છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

છેલ્લા દાયકામાં ભારતમાં અપરિણીત યુવાનોની સંખ્યામાં સતત વધારો થયો છે. આ સામાજિક વલણ, ઉચ્ચ શિક્ષણ સ્તર અને કારકિર્દી પ્રાથમિકતાઓમાં પરિવર્તન કારણભૂત છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હેઠળના રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય દ્વારા ભારતમાં યુવા અહેવાલ મુજબ, ૧૫થી ૨૯ વર્ષની વયના આશરે ૨૩ ટકા ભારતીયો પરિણીત નથી. અહેવાલમાં રાજ્યો વચ્ચે નોંધપાત્ર તફાવત પણ જોવા મળ્યો છે.

એનએસઓ રિપોર્ટ દર્શાવે છે કે ભારતમાં ૧૫થી ૨૯ વર્ષની વયના આશરે ૨૩ ટકા યુવાનો અપરિણીત છે. ૨૦૧૧માં આ આંકડો ૧૭.૨ ટકા હતો. આ છેલ્લા દાયકામાં સ્પષ્ટ વધારો દર્શાવે છે. આ વલણ પુરુષો અને સ્ત્રીઓ બંને માટે દેખાય છે. અપરિણીત પુરુષોની ટકાવારી ૨૦૧૧માં ૨૦.૮ ટકાથી વધીને ૨૦૧૧માં ૨૬.૧ ટકા થઈ ગઈ છે. દરમિયાન, આ જ સમયગાળા દરમિયાન અપરિણીત મહિલાઓનું પ્રમાણ ૧૩.૫ ટકાથી વધીને ૧૯.૯ ટકા થયું છે.

જમ્મુ અને કાશ્મીરમાં બધા કેન્દ્રશાસિત પ્રદેશોમાં અપરિણીત યુવાનોનું પ્રમાણ સૌથી વધુ છે. અહેવાલો દર્શાવે છે કે કેન્દ્રશાસિત પ્રદેશમાં ૨૯.૧ ટકા યુવાનોએ ક્યારેય લગ્ન કર્યા નથી, જેમાં ૩૦.૧ ટકા પુરુષો અને ૨૮.૧ ટકા સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આનાથી તે આ સંદર્ભમાં ભારતમાં સૌથી વધુ ક્રમાંક ધરાવતો પ્રદેશ બને છે.

ભારતનું સૌથી વધુ વસ્તી ધરાવતું રાજ્ય ઉત્તર પ્રદેશ બીજા ક્રમે છે. અહીં, ૨૬.૭ ટકા યુવાનો અપરિણીત છે. ઉચ્ચ શિક્ષણ, રોજગારની તકો અને બદલાતી અપેક્ષાઓ આ વલણના મુખ્ય કારણો છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હી પણ ૨૬.૫ ટકા અપરિણીત યુવાનો સાથે ખૂબ પાછળ છે. શહેરી જીવનશૈલી, કારકિર્દીની આકાંક્ષાઓ અને મોડા લગ્ન કરવાની પસંદગીએ શહેરમાં લગ્નની સરેરાશ ઉંમરમાં વધારો કરવામાં ફાળો આપ્યો છે.

પંજાબમાં પણ આ આંકડો ઘણો ઊંચો છે, જ્યાં ૨૫ ટકા યુવાનો અપરિણીત છે. વિદેશમાં સ્થળાંતર અને લિંગ અસંતુલનને રાજ્યમાં લગ્ન પેટર્નને અસર કરતા મુખ્ય પરિબળો માનવામાં આવે છે.

બીજી બાજુ, ભારતમાં કેરળમાં અપરિણીત યુવાનોની ટકાવારી સૌથી ઓછી છે. રાજ્યમાં ફક્ત ૧૮.૩ ટકા યુવાનોએ ક્યારેય લગ્ન કર્યા નથી. આ સૂચવે છે કે લગ્ન સામાન્ય રીતે રાષ્ટ્રીય સરેરાશ કરતા ઓછી ઉંમરે થાય છે. ઓછા પ્રમાણવાળા અન્ય રાજ્યોમાં તમિલનાડુ (૨૦.૨ ટકા), આંધ્રપ્રદેશ (૨૦.૭ ટકા) અને હિમાચલ પ્રદેશ (૨૦.૮ ટકા)નો સમાવેશ થાય છે.


આ રિપોર્ટમાં આ વલણ પાછળ અનેક સામાજિક-આર્થિક કારણો ટાંકવામાં આવ્યા છે. ઉચ્ચ શિક્ષણે ઘણા યુવાનોને અભ્યાસ પૂર્ણ ન થાય અને કારકિર્દી સ્થાપિત ન થાય ત્યાં સુધી લગ્ન મુલતવી રાખવા માટે પ્રોત્સાહિત કર્યા છે. પરિવાર શરૂ કરવા માટે નાણાકીય સ્થિરતાને વધુ મહત્વપૂર્ણ પૂર્વશરત તરીકે જોવામાં આવી રહી છે.

બાળ લગ્નમાં ઘટાડો પણ મુખ્ય ભૂમિકા ભજવી છે. રિપોર્ટ અનુસાર, ૨૦ વર્ષની ઉંમર સુધીમાં લગ્ન કરનારી મહિલાઓનું પ્રમાણ ૨૦૦૫-૦૬માં ૭૨.૪ ટકાથી ઘટીને ૫૨.૮ ટકા થયું છે. ૧૫ વર્ષથી ઓછી ઉંમરના લગ્નનો દર પણ ૧૧.૯ ટકાથી ઘટીને માત્ર ૧.૭ ટકા થયો છે.

ઘણા રાજ્યોમાં, ખાસ કરીને હરિયાણા, પંજાબ અને ઉત્તર પ્રદેશમાં, લિંગ અસંતુલનને કારણે ઘણા પુરુષો માટે જીવનસાથી શોધવાનું વધુને વધુ મુશ્કેલ બન્યું છે. ભારતમાં હાલમાં સ્ત્રીઓ કરતાં ૪૫ મિલિયન વધુ પુરુષો છે. આનાથી લગ્નજીવનમાં મુશ્કેલી પડી રહી છે - લગ્નયોગ્ય ઉંમરની સ્ત્રીઓની અછત.

આ અહેવાલમાં ખાસ કરીને શહેરી ભારતમાં બદલાતા સામાજિક ધોરણો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. એકલા રહેવું, સંબંધોમાં રહેવું અને કુંવારા રહેવું વધુ સ્વીકાર્ય બની રહ્યું છે. વધુમાં, લગ્નને હવે ફરજિયાત સામાજિક સંસ્થાને બદલે વ્યક્તિગત પસંદગી તરીકે જોવામાં આવે છે. શિક્ષણ, રોજગાર અને જીવનશૈલીની પસંદગીઓ બદલાતા હોવાથી, નિષ્ણાતો માને છે કે આગામી વર્ષોમાં ભારતમાં લગ્નની સરેરાશ ઉંમર વધુ વધી શકે છે.

**23% લોકો હજુ કુંવારા**



### સફળતાની નવી ઊંચાઈ: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે અદકેરૂં સન્માન

# KENSONની કમાલ: હોમ એપ્લાયન્સિસ ક્ષેત્રે ગુજરાતની નં.1 બ્રાન્ડને મળ્યો પ્રતિષ્ઠિત એવોર્ડ

## કંપનીના ચેરમેન અનિરૂધ્ધસિંહ ચુડાસમા–મેનેજિંગ ડિરેક્ટર શિવરાજસિંહ ચુડાસમાએ કહ્યું આ સન્માન માત્ર બ્રાન્ડની સફળતા નથી પરંતુ લાખો ગ્રાહકોના અતૂટ વિશ્વાસનું પરિણામ છે

સિટી ન્યૂઝ@રાજકોટ

હોમ એપ્લાયન્સિસ ક્ષેત્રે પોતાની ઉત્કૃષ્ટ ગુણવત્તા અને નવીનતાથી ગ્રાહકોના હૃદયમાં વિશેષ સ્થાન મેળવનાર અગ્રણી બ્રાન્ડ KENSON માટે એક અત્યંત ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ થઈ છે. તાજેતરમાં અમદાવાદ ખાતે આયોજિત પ્રતિષ્ઠિત TV૯ ગુજરાતી  ગુજરાત એક્સેલન્સ એવોર્ડ્સ ૨૦૨૬' સમારોહમાં KENSON બ્રાન્ડને ગુજરાતની સૌથી ઝડપથી વિકસતી હોમ એપ્લાયન્સિસ બ્રાન્ડના એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. આ ગૌરવશાળી એવોર્ડ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે KENSON બ્રાન્ડના ચેરમેન શ્રી અનિરુદ્ધસિંહ ચુડાસમા અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી શિવરાજસિંહ ચુડાસમાને એનાયત કરવામાં આવ્યો હતો, જે ઉદ્યોગમાં બ્રાન્ડની અદ્યતન ટેક્નોલોજી, ઉત્પાદનોની ઉત્તમ ગુણવત્તા, ગ્રાહક-કેન્દ્રી અભિગમ અને શ્રેષ્ઠતા પ્રત્યેની અવિરત પ્રતિબદ્ધતાની કદરરૂપે આપવામાં આવ્યો છે.







**અમદાવાદમાં યોજાયેલા TV-9 ગુજરાતી–ગુજરાત એક્સેલન્સ એવોર્ડ્સ 2026માં KENSONની બ્રાન્ડનું ભવ્ય સન્માન**

આ પ્રતિષ્ઠિત એવોર્ડ સ્વીકારતા કંપનીના ચેરમેન શ્રી અનિરુદ્ધસિંહ ચુડાસમા અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી શિવરાજસિંહ ચુડાસમાએ ગર્વ અને કૃતજ્ઞતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ સન્માન માત્ર બ્રાન્ડની સફળતા નથી, પરંતુ લાખો ગ્રાહકોના અતૂટ વિશ્વાસનું પરિણામ છે. ગુજરાત અને સમગ્ર ભારતમાં ફેલાયેલા મૂલ્યવાન ગ્રાહકો, ડીલર્સ, ડિસ્ટ્રિબ્યુટર્સ, સપ્લાયર્સ અને સમગ્ર KENSON પરિવારના દરેક સભ્યના સખત પરિશ્રમ અને સહયોગ વિના આ સિદ્ધિ શક્ય નહોતી. તેમના દ્વારા આ સન્માન સમગ્ર KENSON પરિવારને અર્પણ કરવામાં આવ્યું છે અને તમામ સહયોગીઓનો દિલથી આભાર માનવામાં આવ્યો છે. આધુનિક ભારતીય ઘરોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરાયેલા આધુનિક હોમ એપ્લાયન્સિસ અને વેચાણ પછીની શ્રેષ્ઠ સેવાઓ થકી KENSON બ્રાન્ડે ગ્રાહકોમાં એક મજબૂત વિશ્વાસ ઊભો કર્યો છે. આ પ્રતિષ્ઠિત સન્માનથી પ્રેરિત થઈને KENSON બ્રાન્ડ આગામી સમયમાં વધુ નવીન, ઉર્જા-બચત કરનારા અને પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનો ભારતીય બજારમાં રજૂ કરવા માટે પ્રતિબદ્ધ છે. કંપનીનો મુખ્ય ધ્યેય પોતાની ઉત્કૃષ્ટ સેવાઓ થકી દરેક ઘરના રોજિંદા જીવનને વધુ સરળ, આધુનિક અને સુવિધાયુક્ત બનાવવાનો છે.

K E N S O N ®
INDIA'S TRUSTED BRAND

### ઈકો સેન્સિટિવ ઝોનમાં તવાઈ: રિસોર્ટ–ફાર્મ હાઉસની યાદી તૈયાર કરી નોટીસ મોકલી


# ગીરને બચાવવા ગેરકાયદે મિલકતોની યાદી જાહેર, કાર્યવાહી શરૂ કરાઈ

**વિકાસની આડમાં પર્યાવરણનો વિનાશ નહી ચલાવી લેવાય: કલેક્ટર**

## તંત્રના મેગા ઓપરેશનથી પર્યાવરણના નિયમો નેવે મુકીને ચાલતા એકમોમાં ફફડાટ

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીર અને ગીરનારની પ્રાકૃતિક ઓળખ જાળવી રાખવા માટે જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્ર હવે આક્રમક એક્શન મોડમાં આવી ગયું છે. જંગલની આસપાસ આવેલા ઇકો સેન્સિટિવ ઝોન (ESZ) માં બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલા ગેરકાયદેસર મિલકતો સામે તબક્કાવાર અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. વહીવટીતંત્રના આ મેગા ઓપરેશનથી પર્યાવરણના નિયમો નેવે મૂકીને ચાલતા એકમોમાં ફફડાટ વ્યાપી ગયો છે.આ કડક કાર્યવાહી અંગે જૂનાગઢના જિલ્લા કલેક્ટર યોગેશ ચૌધરીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આ સમગ્ર પ્રક્રિયા સુપ્રીમ કોર્ટના કડક આદેશ અને સરકારની



માર્ગદર્શિકાના પાલન સ્વરૂપે જ કરવામાં આવી રહી છે. વહીવટીતંત્ર દ્વારા જાહેર કરાયેલી યાદીમાં નિયમોનું ઉલ્લંઘન કરતા અનેક પ્રખ્યાત રિસોર્ટ, ફાર્મ હાઉસ, હોટેલ અને અન્ય બાંધકામોનો પણ સમાવેશ થાય છે. આ તમામ મિલકતો સામે કાયદાકીય જોગવાઈઓ અનુસાર સંપૂર્ણ પારદર્શક રીતે પગલાં લેવાશે.કલેક્ટરે વધુમાં ભાર મૂકતા કહ્યું હતું કે, આ કાર્યવાહીનો હેતુ કોઈ ચોક્કસ વ્યક્તિ કે વ્યવસાયને નિશાન બનાવવાનો બિલકુલ નથી. પરંતુ, ગીરનું જંગલ, ત્યાં વસતા વન્યજીવો અને સંવેદનશીલ પર્યાવરણનું સંરક્ષણ કરવું એ સમયની માંગ અને તંત્રની પ્રાથમિકતા છે. જે મિલકતો નિયમોની ઐસીતૈસી કરીને ઊભી કરવામાં આવી છે, તેમની સામે નિયમાનુસાર જ કાર્યવાહી થશે.ગીર એ માત્ર જૂનાગઢ કે ગુજરાતની જ નહીં, પરંતુ સમગ્ર દેશની અમૂલ્ય કુદરતી ધરોહર છે. તંત્રની આ મેગા ડ્રાઈવ એ વાતનો સ્પષ્ટ સંદેશ આપે છે કે પ્રવાસન અને વિકાસ ચોક્કસપણે જરૂરી છે, પરંતુ તે કાયદાની મર્યાદામાં અને પર્યાવરણના ભોગે તો ક્યારેય ન જ હોવો જોઈએ. ગીરના જંગલ અને સિંહોના અસ્તિત્વને ટકાવી રાખવા માટે લેવાયેલું આ કડક પગલું અત્યંત આવશ્યક અને આવકારદાયક છે.

## આ લોકોને નોટિસ મોકલી જવાબ માંગ્યા

| મિલકતનું નામ | સરનામું | સરવે નંબર | જંગલથી અંતર |
|---|---|---|---|
| Camp Wild Valley | હરિપુર, તા.મેંદરડા | ૮૭/પૈકી-૧/પૈકી-૨ | 0 |
| અરહમ ફાર્મ | હરિપુર, તા.મેંદરડા | ૧૭૧/પૈકી-૩ | 0.૧ |
| ધ ગીર લાયન રીસોર્ટ | ભાલછેલ, તા.મેંદરડા | ૧૧૧ | 0.૧ |
| શ્રીજી રીસોર્ટ | જલોંદર તા.માળીયાહાટીના | ૭/પૈકી-૨/પૈકી-૧ | 0.૧૩ |
| બલીબાપુ ફાર્મ | હરિપુર, તા.મેંદરડા | ૧૬૦/પૈકી-૧૧/પૈકી-૨ | 0.૨ |
| શિવમ રેસ્ટોરન્ટ એન્ડ ફાર્મ | જલોંદર તા.માળીયાહાટીના | ૭/પૈકી-૫ | 0.૨૩ |
| ધ મેજસ્ટીક હેરીટિજ રીસોર્ટ | જલોંદર તા.માળીયાહાટીના | ૧૧૯/પૈકી૮ | 0.૨૫ |
| માતૃ ફાર્મ એન્ડ રીસોર્ટ | જલોંદર તા.માળીયાહાટીના | ૭/પૈકી-૩ | 0.૨૬ |
| ધ ડ્રીમ ગીર ફાર્મ હાઉસ | હરિપુર, તા.મેંદરડા | ૧૭૯/૧/પૈકી-૨ | 0.૩ |
| દાતાર ગ્રીન | જલોંદર તા.માળીયાહાટીના | ૪ | 0.૩૭ |
| સમ્રાટ ફાર્મ એન્ડ રીસોર્ટ | જલોંદર તા.માળીયાહાટીના | ૮૫/પૈકી-૪ | 0.૩૮ |
| મધુવન પ્રાકૃતિક ફાર્મ | હરિપુર, તા.મેંદરડા | ૧૬૧/પૈકી-૫/પૈકી-૨, ૧૬૧/પૈકી-૫/પૈકી-૧ | 0.૪ |
| વ્રજ વલ્લભ ફાર્મ એન્ડ રીસોર્ટ | જલોંદર તા.માળીયાહાટીના | ૧૨૭/પૈકી-૩/પૈકી-૨ | 0.૪0 |
| ગીર ભૂમી હોટલ એન્ડ રીસોર્ટ | જલોંદર તા.માળીયાહાટીના | ૧૨૭/પૈકી-૩/પૈકી-૧ | 0.૪૨ |
| ગીર આશ્રમ નેસ | હરિપુર, તા.મેંદરડા | ૮૯/૩/પૈકી-૧, ૮૯/૩/પૈકી-૨, ૮૯/૩/પૈકી-૩ | 0.૪૭૪ |
| ગીર રજવાડી ફાર્મ એન્ડ રીસોર્ટ | જલોંદર તા.માળીયાહાટીના | ૮૫/પૈકી-૧ | 0.૪૮ |
| સનબર્ડ ફાર્મ | સાસણ, તા.મેંદરડા | ૨૯/પૈકી-૧ | 0.૬ |
| હોટેલ ગાત્રાળ | ભાલછેલ, તા.મેંદરડા | ૬૧ | 0.૬ |
| મહાદેવ ફાર્મ | હરિપુર, તા.મેંદરડા | ૮૫/પૈકી-૪/પૈકી-૨ | 0.૬૪ |
| મહાદેવ ફાર્મ એન્ડ રીસોર્ટ | જલોંદર તા.માળીયાહાટીના | ૮૫/પૈકી-૨ | 0.૬૭ |
| ધ કમ્ફર્ટ એટ ગીર | હરિપુર, તા.મેંદરડા | ૧૬૨/પૈકી-૨ | 0.૭ |
| લાયન સગડ ફાર્મ | નાજાપુર (છતરીયા), તા.મેંદરડા | ૩૧/પૈકી-૨ | 0.૭ |
| ભીમાભાઈ મચાભાઈ ખાંભલા | જલોંદર તા.માળીયાહાટીના | ૧૮૮/પૈકી-૧૬ | 0.૭૧ |
| રામદૂત ફાર્મ | નાજાપુર (છતરીયા), તા.મેંદરડા | ૫૧ | 0.૮ |
| ડ્રીમલેન્ડ રીસોર્ટ | ભાલછેલ, તા.મેંદરડા | ૧૭૨ | 0.૮ |
| જય સોમનાથ દેશી ઢાબા રેસ્ટોરન્ટ | નાજાપુર (છતરીયા), તા.મેંદરડા | ૫૨ | 0.૮૫ |
| માં દેશી ઢાબા | નાજાપુર (છતરીયા), તા.મેંદરડા | ૫૧ | 0.૮૫ |
| હોટેલ મોમાઇ | હરિપુર, તા.મેંદરડા | ૧૭૪/પૈકી-૨ | 0.૯ |
| જય માતાજી હોટેલ | ગડકીયા, તા.મેંદરડા | ૧૭૪/પૈકી૧ | 0.૯ |
| આશા દેશી ઢાબા | નાજાપુર (છતરીયા), તા.મેંદરડા | ૫૧ | 0.૯ |
| સિતારામ દેશી ઢાબા | નાજાપુર (છતરીયા), તા.મેંદરડા | ૫૧ | 0.૯ |
| રૂદ્રેશ્વર ડાઈનીંગ હોલ | ભાલછેલ, તા.મેંદરડા | ૧00 | 0.૯ |
| ગીર વિલેજ સ્ટે + બાંધણી હાઉસ | ભાલછેલ, તા.મેંદરડા | ૮૯ | 0.૯ |
| સિલ્વર લીફ હોટલની સામે આવેલ રીસોર્ટ | ભાલછેલ, તા.મેંદરડા | ૧૧૯ | 0.૯ |
| ધ ડ્રીમ ગીર ફોરેસ્ટ | હરિપુર, તા.મેંદરડા | ૧૩૮/પૈકી-૧ | 0.૯૪૮ |
| કસ્બા રીસોર્ટ | નતાળીયા, તા.મેંદરડા | ૩૬ | 0.૯૫ |
| દામજીભાઈની વાડી | ભાલછેલ, તા.મેંદરડા | ૨૮૫/૧ | ૧ |
| ગ્રામ વિહાર રીસોર્ટ | ભાલછેલ, તા.મેંદરડા | ૨૮૫ | ૧ |
| રામનાથ દેશી ઢાબા | નાજાપુર (છતરીયા), | ૫૨ | ૧ |

### પોલીસ અધિકારી પાસેથી જ રૂ. 5 લાખ લેવાયાના ગંભીર આક્ષેપથી પોલીસબેડામાં ચકચાર

# ગીર સોમનાથ જુગાર રેડના તોડકાંડમાં બે PSI સસ્પેન્ડ

### મહિલા PSIની રેન્જ IG સમક્ષ ચોંકાવનારી રજૂઆત બાદ તપાસ ; પ્રાથમિક તપાસમાં ગેરરીતિ સામે આવતાં SOGના PSI ડી.એમ. કાગડા અને તત્કાલીન LCB PSI એચ.એલ. જેબલિયા સામે કાર્યવાહી

**સિટી ન્યૂઝ@રવિ ખખ્ખર-ગીર સોમનાથ**

ગીર સોમનાથ પોલીસમાં ચર્ચાસ્પદ બનેલા હોટલ રોયલ મેન્શન જુગાર રેડ પ્રકરણમાં મોટો વળાંક આવ્યો છે. પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારની હોટલ રોયલ મેન્શનમાં ૨૦ જુલાઈની મધરાતે LCB દ્વારા પાડવામાં આવેલી જુગારની રેડ બાદ પોલીસ અધિકારીઓ સામે ગંભીર આક્ષેપો ઊઠ્યા હતા. આ મામલે જૂનાગઢ રેન્જ IG રાજેન્દ્રસિંહ ચૂડાસમાએ કાર્યવાહી કરતાં SOGના PSI ડી.એમ. કાગડા તથા તત્કાલીન LCB અને હાલ લીવ રિઝર્વમાં ફરજ બજાવતા PSI એચ.એલ. જેબલિયાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરતાં પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે.

રેન્જ IG રાજેન્દ્રસિંહ ચૂડાસમાના જણાવ્યા મુજબ હોટલ રોયલ મેન્શન જુગાર રેડ સંદર્ભે હાથ ધરાયેલી પ્રાથમિક તપાસમાં બેદરકારી અને ગેરરીતિ સામે આવતાં બંને અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સમગ્ર પ્રકરણની વધુ તપાસ ચાલુ છે અને તપાસના આધારે જરૂરી વિભાગીય તેમજ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, ૨૦ જુલાઈની રાત્રે વેરાવળ હાઈવે પર કાજલી-બાદલપરા વચ્ચે આવેલી હોટલ રોયલ મેન્શનમાં LCBએ દરોડો પાડી ૭ વ્યક્તિઓને તીનપત્તી રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે રૂ. ૪.૭૩ લાખનો મુદ્દામાલ કબજે કરી પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં જુગાર અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

આ સમગ્ર ઘટનાક્રમમાં એક મહિલા PSI પણ સ્થળ પર હાજર હોવાનો અને તેમને આરોપી તરીકે દર્શાવવામાં ન આવ્યા હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. એટલું જ નહીં, પોલીસના જ કેટલાક અધિકારીઓએ મહિલા PSI પાસેથી આશરે રૂ. ૫ લાખ લીધા હોવાનો ગંભીર દાવો પોલીસ સૂત્રોમાંથી સામે આવ્યો છે. જોકે આ આક્ષેપ અંગે અંતિમ સત્ય ચાલુ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ત્યારબાદ જિલ્લા પોલીસવડા જયદીપસિંહ જાડેજાએ સંબંધિત મહિલા PSIને અન્ય કારણ દર્શાવી સસ્પેન્ડ કર્યા હતા. આ પછી મહિલા PSIએ સીધા રેન્જ IG રાજેન્દ્રસિંહ ચૂડાસમા સમક્ષ પહોંચી સમગ્ર ઘટનાક્રમ અંગે રજૂઆત કરી હતી.

મામલાની ગંભીરતાને ધ્યાને લઈ રેન્જ IGએ તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હતા. પ્રાથમિક તપાસમાં કેટલાક મુદ્દાઓમાં ગેરરીતિ સામે આવતાં PSI એચ.એલ. જેબલિયા અને ડી.એમ. કાગડા સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી હોવાનું પોલીસ વિભાગ તરફથી જણાવાયું છે.

આ સમગ્ર પ્રકરણને પગલે ગીર સોમનાથ પોલીસબેડામાં ભારે ચર્ચા જાગી છે. હવે તપાસમાં કથિત રૂ. ૫ લાખના તોડના આક્ષેપ, મહિલા PSIની ભૂમિકા અને અન્ય કોઈ અધિકારીની સંડોવણી હતી કે કેમ તે સહિતના મુદ્દાઓની હકીકત બહાર આવવાની શક્યતા છે. હાલ વિભાગીય તપાસ ચાલુ હોવાથી અંતિમ જવાબદારી તપાસ પૂર્ણ થયા બાદ જ નિર્ધારિત થશે.

# મોરબી જિલ્લામાં ભારે વરસાદથી 6 માર્ગો બંધ

### પાણીના ભારે પ્રવાહવાળા રસ્તાઓ પર સાહસ ન કરવા અને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા જિલ્લા વહીવટી તંત્રની ખાસ અપીલ

**સિટી ન્યૂઝ@મોરબી**

જિલ્લામાં સાર્વત્રિક ભારે વરસાદની સ્થિતિને પગલે નાગરિકોની સુરક્ષા અને માર્ગ સલામતી માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે. માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા પાણીમાં ગરકાવ થયેલા તેમજ જોખમી બનેલા કુલ ૬ માર્ગોને તાત્કાલિક અસરથી વાહન વ્યવહાર અને લોકોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યા છે.

મોરબી તાલુકામાં મોરબી-ધરમપુર-સાદુળકા રોડ અને આંદિરડા-વાંકડા રોડ બંધ કરવામાં આવ્યા છે. માળિયા તાલુકામાં એન.એચ.-માળિયા એપ્રોચ રોડ પર વાહન વ્યવહાર અટકાવવામાં આવ્યો છે.

વાંકાનેર તાલુકામાં વરસાદની અસરને કારણે જાલી-દેરાળા-રાજસ્થળી રોડ, કાછિયાગાડા-ગાગિયાવાદર-રાજસ્થળી રોડ અને લુણસર-રાજસ્થળી રોડ સહિત કુલ ૩ માર્ગો બંધ કરવામાં આવ્યા છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વાહનચાલકો, ગ્રામજનો



અને સ્થાનિક નાગરિકોને ખાસ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. પાણીના ભારે વહેણ કે પ્રવાહવાળા બંધ રસ્તાઓ પરથી પસાર થવાનું સાહસ ન કરવા તેમજ તંત્ર દ્વારા નિર્ધારિત વૈકલ્પિક માર્ગોનો જ ઉપયોગ કરવા જણાવાયું છે.વરસાદી પરિસ્થિતિ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે નાગરિકોને સુરક્ષા સંબંધિત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અને જોખમી રસ્તાઓથી દૂર રહેવા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેશ વોરાનો આજે જન્મદિવસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ હિતેશ વોરા નો આજે જન્મદિવસ છે. તેઓ પોતાના જીવનના ૪૮ વર્ષ પૂર્ણ કરી અને ૪૯ માં વર્ષ માં મંગળ પ્રવેશ કર્યો છે. તેઓ રાજકીય માં ૨૦૧૪ થી ૨૦૧૬ સુધી વિધાનસભા -૭૧ ગ્રામ્ય ના ઇન્ચાર્જ તરીકે તેમજ ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી તેઓ એ રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે કામગીરી કરેલ હતી. અને ૨૦૨૫ માં તેઓ એ મોરબીના નિરીક્ષક તરીકે ફરજ બજાવેલ હતી અને ૨૦૨૨ માં રાજકોટ વિધાનસભા ૭૦ ની ચૂંટણી લડેલ હતી. તેમજ તેઓ અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ માં ટ્રસ્ટી તરીકે ફરજ બજાવી રહ્યા છે.ટ્રસ્ટી લેઉવા પાટીદાર સમાજ- દ્વારકા, લેઉવા પાટીદાર સમાજ - હરિદ્વાર, લેઉવા પાટીદાર સમાજ- નાથદ્વારા, લેઉવા પાટીદાર સમાજ- ચાંદલી અને ટ્રસ્ટી જે એમ વી વિધાલય - ચાંદલિ. આજે તેમના જન્મદિવસ નિમિતે મિત્ર વર્તુળ, સગા સબંધીઓ, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો વિગેરે મોં. ૯૯૨૪૮ ૨૭૨૭૬ પર જન્મદિવસ ની શુભેચ્છાઓ આપી રહ્યા છે.

# પરિણીતાની મહિલા પોલીસમાં કુતિયાણાના પતિ સામે ફરિયાદ

## » તારી માતા મારૂ ઘર ચાલવા દેતી નથી, પિયરેથી પૈસા લઈ આવ કહીં કાઢી મૂકી

સિટી ન્યૂઝ@રાજકોટ

લક્ષ્મીવાડી મેઈન રોડ પર ગુંદાવાડીમાં પિયરમાં રહેતા સ્વીટીબેન જલુ (ઉ.વ.૨૯)ને રણુજા મંદિર પાછળ સોમનાથ શેરી-રમાં રહેતા પતિ જયેશ “તારી માતા મારૂ ઘર ચાલવા દેતી નથી પિયરેથી પૈસા લઈ આવ’ મેણાટોણા મારી ત્રાસ ગુજારી ઘરમાંથી કાઢી મૂકવાની મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદમાં સ્વીટીબેને જણાવ્યું કે, ૨૦૨૩માં તેના કુતીયાણાના ડેડુકા ગામે રહેતા જયેશ જલુ સાથે લગ્ન થયા હતા. લગ્નજીવન દરમિયાન સંતાનમાં બે વર્ષનો પુત્ર છે. લગ્નબાદ થોડો સમય ડેડુકા ગામે સાસરીયામાં રહ્યા પછી પતિ-પત્ની રાજકોટ રણુજા મંદિરની પાછળ સોમનાથ સોસાયટી | શેરી નં.રમાં રહેવા આવ્યા હતા. થોડા દિવસો સારા ગયા પછી પતિએ નાની-નાની બાબતમાં માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. તે ગર્ભવતી હોવાથી તબીયત સારી ન હતી છતાં ડેડુકા ગામેથી એકલીને કાઢી મુકતા તે બસ સ્ટેશને પહોંચી ફોન કરતા સંબંધી આવી ગયા હતા. બાદમાં પતિને બસ સ્ટેશને આવી તેડી જવાનું કહેતા ઝઘડો કર્યો હતો. ત્યારબાદ તે રાજકોટ આવ્યા બાદ વડિલો દ્વારા સમાધાન થયા બાદ પતિ સાથે રહેવા જતા રહ્યા હતા. થોડા દિવસ સારુ ચાલ્યા બાદ તે તેને વસ્તુ લેવાનું કહેતા તો કહેતો કે “તારી માતાના ઘરેથી લઈ આવ, તારી માતા જ સમાધાન નહીં કરી શારીરિક માનસિક ત્રાસ આપતા ફરિયાદ નોંધાવી છે. મારૂ ઘર ચાલવા દેતા નથી કહીં ઝઘડો કરતો હતો અને પિયરેથી પૈસા લઈ આવવાનું કહીં ઝઘડો કરી ત્રાસ આપતા તેણે તેના વિરુદ્ધ ભરણપોષણનો કેસ કર્યો હતો સમાધાનના પ્રયાસો કર્યા છતાં સમાધાન નહિ થતા અંતે ફરિયાદ નોંધાવી હતી.

## વચ્ચેથી પેટ્રોલ લેતા હોવાથી અમે લાઈનમાં છીએ કહેતા જ બબાલ

# રેલનગરના પેટ્રોલ પંપ પર મા-દિકરાનો મહિલા વકીલ પર હુમલો

## ગાળો ભાંડી ધમકી આપ્યાની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધ્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરના રેલનગર વિસ્તારમાં આવેલા વિવેક એચ.પી. પેટ્રોલ પંપ પર લાઈન તોડીને વચ્ચેથી પેટ્રોલ પુરાવવાની ના પાડતા મહિલા વકીલ સાથે દાદાગીરી અને ધાકધમકીનો બનાવ સામે આવ્યો છે.રેલનગરમાં આવેલ છત્રપતી શિવાજી ટાઉનશીપમાં રહેતા અને વકીલાત કરતા હિરલબેન હસમુખભાઈ જાની શુક્રવારે સવારે સવા દસેક વાગ્યે પોતાની એક્ટિવામાં પેટ્રોલ પુરાવા લાઈનમાં ઉભા હતા. એ દરમિયાન એક અજાણ્યો શખ્સ વચ્ચેથી આવીને ટિનના ડબ્બામાં પેટ્રોલ લેવા લાગ્યો હતો.

હિરલબેને "અમો ક્યારના લાઈનમાં ઉભા છીએ, વચ્ચેથી કેમ પેટ્રોલ આપો છો?" તેમ કહેતા જ આ શખ્સ ઉશ્કેરાઈ ગયો અને ગાળો આપી "તમારે કંઈ કહેવું નહીં, નહિતર જાનથી મારી નાખીશ" તેવી ધમકી આપી હતી. થોડીવારમાં આ શખ્સ તેની માતાને સાથે લાવ્યો હતો. તેની માતાએ પણ ઉશ્કેરાઈને કહ્યું હતું કે, "આ મારો દીકરો થાય છે, તારા જેવી મારો દીકરો ૭૦ ને રાખી બેઠો છે... તું વકીલ હોય તો તમારા ઘરની, અમને કાયદાની કોઈ બીક નથી"! આ બંને મા-દીકરાએ મહિલા વકીલપર મારવા માટે હુમલો કરી, ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું જણાવતા પોલીસે અજાણ્યા મા-દિકરા સામે ગુનો નોંધી તપાસ આદરી છે.



# જસદણ લીલાખા પંથકમાંથી બેલા ચોરીનું કૌભાંડ ઝડપી લેતી રેન્જ સ્કવોડ

સિટી ન્યૂઝ@રાજકોટ

જસદણના દેવપરા અને લીલાપર ગામની સીમમાં સરકારી જમીનમાંથી ગેરકાયદેસર ખોદકામ કરી ખનીજ પથ્થર (બેલા)ની ચોરી કરવાના કૌભાંડનો રાજકોટ રેન્જ સ્કવોડે પર્દાફાશ કર્યો છે. પોલીસે દરોડો પાડી ૪ ટ્રેક્ટર અને ૭ ચરખી સહિત કુલ રૂ. ૨૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે ટ્રેક્ટરના ડ્રાઈવરોને હસ્તગત કરી આગળની કાર્યવાહી માટે ખાણ-ખનીજ વિભાગને જાણ કરવામાં આવી છે.

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયે રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા તેમજ સરકારી અને કુદરતી સંપત્તિને નુકસાન પહોંચાડનાર તત્વો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જેના આધારે રાજકોટ રેન્જ ટીમના પીઆઈ અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એન. મોરી, બી.સી. મિયાત્રા અને સી.એમ. કાંટેલિયાની ટીમો કામગીરીમાં હતી.

દરમિયાન પીએસઆઈ બી.સી. મિયાત્રા તથા તેમની ટીમના કુલદીપસિંહ ચુડાસમા, વકાર અરબ, દિવ્યેશ સુવા, અનિરૂદ્ધસિંહ જાડેજા અને નિકુલ પંપાણિયાને બાતમી મળી હતી કે જસદણ પોલીસ મથક વિસ્તારના દેવપરા અને લીલાપર ગામની સીમમાં સરકારી જમીન પર ગેરકાયદેસર ખોદકામ કરીને બેલાની ખાણ ચલાવવામાં આવી રહી છે.

બાતમીના આધારે રેન્જ સ્કવોડે સ્થળ પર દરોડો પાડતાં ગેરકાયદેસર બેલા ખનનની પ્રવૃત્તિ ઝડપાઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ આ પ્રવૃત્તિમાં પૂનમ વાછાણી, મગન વાછાણી અને અંકિત વાછાણીના નામ સામે આવ્યા છે.

દરોડા દરમિયાન અલગ-અલગ ૪ ટ્રેક્ટર અને બેલા કાઢવા માટે ઉપયોગમાં લેવાતી ૭ ચરખી સહિત કુલ રૂ. ૨૭ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ટ્રેક્ટરના ડ્રાઈવરોને હસ્તગત કર્યા બાદ સ્થાનિક પોલીસને સ્થળ પર બોલાવવામાં આવી હતી. સમગ્ર મામલે આગળની કાયદેસરની કાર્યવાહી માટે ખાણ-ખનીજ વિભાગને જાણ કરવામાં આવી છે.



# જાફરાબાદ બંદર પર 3 નંબરનું સિગ્નલ લાગ્યું: ભારે કરંટ સાથે દરિયામાં ઊંચા મોજા ઉછળ્યા

સિટી ન્યૂઝ@ ધર્મેશ મહેતા-જાફરાબાદ

હવામાન વિભાગની આગાહીની અસર અમરેલી જિલ્લાના જાફરાબાદ કોસ્ટલ બેલ્ટ પર જોવા મળી રહી છે. જાફરાબાદ બંદર, ધારા બંદર, શિયાળબેટ, પીપાવાવ સહિત કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે. દરિયામાં વહેતા પવન અને તોફાની વાતાવરણના કારણે ઊંચા મોજાઓ ઉછળી રહ્યા છે. હવામાન વિભાગની આગાહીના પગલે સ્થાનિક વહીવટી તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. સુરક્ષાના ભાગરૂપે જાફરાબાદ બંદર પર ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. દરિયાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. તટીય વિસ્તારોમાં પણ લોકોને અવરજવર ન કરવા અને સાવચેત રહેવા માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# પરવેઝના ગાત્રો થીજી ગયા, ગજબનો ચમકારો શરીરમાંથી પસાર થઈ ગયો

બૅરેક Barracks માં બધા પોત પોતાના કામે લાગી ગયા હતા, પરવેઝ નમાઝ અદા કરી રહ્યો હતો, બૅરેક Barracks માં બધા જ પોતાના કામમાં મશગુલ હતા જેના કારણે બૅરેક Barracks માં નિરવ શાંતિ હતી. બૅરેક Barracks ની બહાર નિકળો એટલે વિશાળ ગ્રાઉન્ડ હતું. ગ્રાઉન્ડ અને બૅરેકે Barracks ની ફરતે વિશાળ ૧૦ ફુટ ઊંચી દિવાલ Deewal હતી. તેની બહાર જવાનો દરવાજો ખુલ્લો હતો, પણ મહંમદ સહિત તેના ૮ સાથીઓને વોર્ડની બહાર નિકળવાની મંજુરી ન્હોતી. ગ્રાઉન્ડના ગેટ ઉપર એક કેદી વોચમેન Watchman ની ડ્યૂટી કરતો હતો, જેને સેવક તરીકે ઓળખવામાં આવે છે. તેણે પણ બીજા સજા પામેલા કેદીઓ ની જેમ સફેદ કપડાં જ પહેર્યા હતા, માત્ર તેના માથા ઉપર રહેલી સફેદ ટોપીમાં વાદળી પટ્ટા હતા. તેનો અર્થ એવો થતો કે જેલ Jail ઓથોરેટી તેની ઉપર વિશ્વાસ કરે છે અને તેને જેલ Jail ની રોજબરોજની કામગીરીમાં સામેલ કરવામાં આવ્યો છે.


આ ૨૦૦ ખોલી તરીકે ઓળખાતી બૅરેક Barracks ના અન્ય કેદી ઓને વોર્ડની બહાર જવાની મંજુરી હતી, પણ મહંમદ અને તેના સાથીઓ ઉપર જે પ્રકારના ગંભીર આરોપ લાગ્યા હતા તેના કારણે તેમને જેલ Jail પરિસરમાં પણ જેલ Jail સીપાઈની હાજરી વગર બહાર નિકળવા મળતુ ન્હોતુ, સવારના પહેલા તડકાની શરૂઆત થઈ ગઈ હતી. કેટલાંક કેદી ઓ ન્હાઈ-ધોઈ તડકો આવી રહ્યો હતો તે દિશામાં જઈ તડકો લઈ રહ્યા હતા, જે કેદી ઓ તડકો લઈ રહ્યો હતા, તેમની નજર વારં-વાર વોર્ડના ખુલ્લા દરવાજા તરફ જતી હતી. જાણે તે કોઈની રાહ જોઈ રહ્યા હોય તેવું લાગતું હતું, પણ તેમની આતુરતાનો અંત આવ્યો એક પેડલ રિક્ષા Pedal rickshaw લઈ ૨ કેદી ઓ ૨૦૦ ખોલીના વોર્ડ તરફ આવ્યા, તડકો લઈ રહેલા કેદી ઓના ચહેરા ઉપર એકદમ તાજગી આવી ગઈ, તેઓ તરત ઉતાવળ પગલે પોતાની બૅરેક Barracks માં ગયા અને હાથમાં ગ્લાસ લઈ બહાર આવ્યા. આ કેદી ઓ પૈકી એક કેદી એ વોર્ડમાં રહેલા કેદી ઓને જાણ કરતો હોય તેવી રીતે બુમ પાડી, સાથીઓ બહાર આવી જાવ, બધા તેની વાત સમજી ગયા હોય તેમ પોતાના સામાનમાં રહેલો ગ્લાસ લઈ બૅરેક Barracks ની બહાર નિકળ્યા, બૅરેક Barracks માં માત્ર પરવેઝ જ રહી ગયો તેની નમાઝ




Prayer હજી પુરી થઈ ન્હોતી.

પેડલ રિક્ષા Pedal rickshaw ની પાસે બધા કતારમાં ઊભા રહી ગયા, એક કેદી નું ધ્યાન મહંમદ તરફ જતા તેણે કહ્યું ભાઈ આપ પહેલે આ જાઈએ, મહંમદે હસીને ના પાડી. પેડલ રિક્ષા લઈ જે કેદી ઓ આવ્યા હતા તે જેલ Jail ના નિયમ પ્રમાણે કેદી ઓને મળતી ચા અને નાસ્તો લઈ આવ્યા હતા. જેલ Jail ની આ કામગીરી પણ જેલ Jail ના રસોડામાં કેદી ઓ જ કરતા હોય છે, ચા લઈ આવેલા કેદી ઓ કતારમાં ઊભા રહેલા કેદી ના ગ્લાસમાં ચા આપતા હતા, સાથે નાસ્તામાં બ્રેડ Bread ની બે સ્લાઈઝ આપતા હતા, ચામાં દુધનું પ્રમાણ નહિવત જ રહેતુ હતું, પણ બધાને હવે આ ચા Tea ની આદત પડી ગઈ હતી. ચા Tea અને બ્રેડ Bread મળતા કેદી ઓ ગ્રાઉન્ડમાં જુદા જુદા ગ્રુપમાં ઊભા રહી ચા અને બ્રેડ Bread નો નાસ્તો કરી રહ્યા હતા, મહંમદ ના હાથમાં બે ગ્લાસ હતા, તેણે પહેલા પોતાની ચા લીધી અને બીજા હાથમાં રહેલો ગ્લાસ આગળ કર્યો એટલે ચા આપી રહેલા કેદી એ પ્રશ્નાર્થ નજરે મહંમદ સામે જોયુ, મહંમદે જવાબ આપતા કહ્યું, પરવેઝ કે લીયે હૈ, વો નમાઝ પઢ રહા હે, કેદી એ બીજા ગ્લાસમાં પણ ચા આપી દીધી. મહંમદ ચા અને બ્રેડ લઈ બૅરેક Barracks માં ગયો અને પરવેઝ ની ચા અને બ્રેડ તેની બાજુમાં મુકયા.

ત્યારે જ પરવેઝ ની નમાઝ પુરી થઈ, તેણે પોતાની ચા-નાસ્તો જોયો અને મહંમદ સામે જોતા કહ્યું શુક્રીયા ભાઈ, મહંમદ કઈ બોલ્યો નહીં., પરવેઝે ચામાં બ્રેડ ડુબાડી અને મહંમદ સામે જોતા પુછ્યું મેજર મેંને દેખ રહા હું કી આપ કુછ દિનો સે શાંત હો ગયે હો, મહંમદે પરવેઝ ની આંખમાં જોતા પુછ્યું મેં કબ બોલતા થા, પુલીસવાલા Policeman ને માર માર કે તોડ દિયા તો ભી જબાન નહીં ખોલી થી. ચામાં નરમ થઈ ગયેલી બ્રેડ પાછી ચાના ગ્લાસમાં સમાધી લઈ લે તે પહેલા પોતાના મોઢામાં મુકતા તેણે બીજી રીતે પોતાનો પ્રશ્ન રજુ કરતા કહ્યું મેજર આપ કે ચહેરે પે જો શાંતિ હે વહ દેખકર અંદર સે ડરસા લગતા હૈ. મહંમદ કઈ બોલ્યો નહીં, તેણે ચ્હાનો છેલ્લો ઘુટ પીવા માટે પોતાની ગરદન ઊંચી કરી અને ગ્લાસ હોઠ પાસે લાવી ઉંધો કર્યો, ગ્લાસ બાજુ ઉપર મુકી બૅરેક Barracks માં ૪ તરફ નજર કરી, કોઈ આસપાસ નથી તેની ખાતરી કરી લીધી અને ધીમા


પ્રશાંત દયાળ

અવાજે પુછ્યું, જેલ Jail કે બહાર નિકલના હૈ?

પ્રશ્ન સાંભળતા પરવેઝ ના ગાત્રો જાણે થીજી ગયા હોય તેવી એક ગજબની ઠંડીનો ચમકારો તેના શરીરમાંથી પસાર થઈ ગયો, તે સુન્ન થઈ ગયો, મહંમદ તેના ચહેરા સામે જોઈ રહ્યો હતો, કદાચ તે પરવેઝ ના ચહેરા ઉપર બદલાઈ રહેલા ભાવને સમજવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પરવેઝે પણ ૪ તરફ નજર ફેરવી તેણે પણ ખાતરી કરી લીધી તે મહંમદ જે બોલ્યો છે તે કોઈએ સાંભળ્યુ નથી. પરવેઝ ડરતા ડરતા પુછ્યું કૈસે અને મહંમદ એકદમ ઊભો થઈ ગયો, તે પોતાના ચા Tea નો ગ્લાસ ધોવા માટે વોર્ડના ખુલ્લા ગ્રાઉન્ડમાં રહેલા નળ ઉપર જઈ રહ્યો હતો. પરવેઝ પાસેથી નિકળતા પહેલા તેણે એટલું જ કહ્યું વક્ત કા ઈંતઝાર કરો. પરવેઝ ઘબરાઈ ગયો, આવો જ ડર, તેને ૮ વર્ષ પહેલા લાગ્યો હતો, જ્યારે જુહાપુરા Juhapura માં તેના ઘરે પોલીસ આવી તેને ઉપાડી લઈ હતી. ૧૦માં ધોરણ સુધી ભણેલા પરવેઝ નો પરિવાર ૧૯૯૩માં થયેલા તોફાન Riots પછી શાહપુર Shahpur નું ઘર છોડી જુહાપુરા Juhapura માં રહેવા આવી ગયો હતો, જેના કારણે પરવેઝ નો ઉછેર જુહાપુર Juhapura માં જ થયો હતો. તેને મોબાઈલ ફોન Mobile Phone ના રીપેરીંગમાં રસ હતો તેના કારણે ૧૦માં ધોરણ પછી પરવેઝે મોબાઈ રીપેરીંગ Mobile Repairing ના કલાસ કર્યા હતા અને એક નાનકડી ભાડાની દુકાનમાં, તે મોબાઈલ ફોન રીપેર કરતો હતો.

આમ તો કહેવા માટેની જ દુકાન હતી, પણ ૩ બાય ૫ ફુટની જ જગ્યા હતી. તે મોબાઈલ રીપેરીંગ Mobile Repairing ની સાથે મોબાઈલ સીમકાર્ડ SIM Card અમે ફોનની એસેસરીઝ Accessories વેચવાનું પણ કામ કરતો હતો. તેને પગની તકલીફ હોવાને કારણે તેના માટે આ ધંધો જ શ્રેષ્ઠ હતો. તે સવારે ૧૦ વાગે દુકાને આવી જતો હતો, જ્યારે ૨ વાગે તેની નાની બહેન તેને ટીફીન આપી જતી હતી. પરવેઝ નું એક જ સ્વપ્ન હતું કે થોડા ઘણા પૈસા બચાવી નાની બહેનના નિકાહ Marriage સારી રીતે કરૂ, પણ તેનું તે સ્વપ્ન અધુરૂ રહી ગયું, તે હજી દુકાનું તાળુ ખોલતો જ હતો ત્યારે તેના કરતા પહેલા ત્યાં આવી પહોંચેલા પોલીસવાળા Police એ તેને રીતસરનો ઉપાડી પોલીસની જીપમાં નાખી દીધો હતો અને તેને ક્રાઈમ બ્રાન્ચ Crime Branch લઈ આવ્યા હતા. આ ૮ વર્ષમાં તેમની બહેનના નિકાહ Marriage પણ થઈ ગયા પણ તેને જામીન અને પેરોલ Bail and parole ના મળી તેના કારણે તે નિકાહમાં જઈ શકયો ન્હોતો. તે રાતે તે ખુબ રડયો હતો, પણ તેની પાસે આંસુ સિવાય તેનો સાથ આપી શકે તેવો કોઈ સાથી હતો નહીં. પરવેઝ પણ યુસુફ Yusuf ની જેમ માની રહ્યા હતો કે તે ક્યારે બહાર નિકળી શકશે નહીં, પણ આટલા વર્ષો પહેલી વખત કોઈએ જેલ Jail ની બહાર જવાની વાત કરી હતી અને તે પણ મહંમદે (ક્રમશ)

# રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષા વધુ મજબૂત, UFSBIનું સફળ કમિશનિંગ

## લવણપુરનવલખી રેલખંડમાં આધુનિક સિગ્નલિંગ સિસ્ટમ કાર્યરત; માનવ ભૂલો ઘટાડવા સાથે ટ્રેન સંચાલન વધુ સુરક્ષિત અને વિશ્વસનીય બનશે

સિટી ન્યૂઝ@રાજકોટ



પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને રેલવે સુરક્ષા અને તકનીકી આધુનિકીકરણના ક્ષેત્રમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. લવણપુરનવલખી રેલખંડમાં પ્રચલિત નોન-બ્લોક ટેલિફોન (NBT) બ્લોક ઇન્સ્ટ્રુમેન્ટના સ્થાને અત્યાધુનિક યુનિવર્સલ ફેલ સેફ બ્લોક ઇન્સ્ટ્રુમેન્ટ (UFSBI)નું સફળતાપૂર્વક કમિશનિંગ કરવામાં આવ્યું છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, બ્લોક સિગ્નલિંગ સિસ્ટમના આધુનિકીકરણ અંતર્ગત નવલખી સ્ટેશન પર પરંપરાગત વીજ પુરવઠા વ્યવસ્થાના સ્થાને STATCON નિર્મિત ઇન્ટિગ્રેટેડ પાવર સપ્લાય (IPS) સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. તેનાથી વીજ પુરવઠાની વિશ્વસનીયતા અને કાર્યક્ષમતામાં વધારો થશે. લવણપુરનવલખી રેલખંડમાં ડિજિટલ એક્સલ કાઉન્ટર સિસ્ટમ (DACs) પણ સ્થાપિત કરવામાં આવી છે. તેના દ્વારા બ્લોક સેક્શનમાં ટ્રેનની હાજરી તેમજ સેક્શન ખાલી હોવાની વધુ ચોક્કસ અને વિશ્વસનીય દેખરેખ રાખી શકાશે. આ ઉપરાંત નવલખી સ્ટેશન પર અગાઉના રિમોટ ટર્મિનલ યુનિટ (RTU)ના સ્થાને આધુનિક નેટવર્ક ડેટા લોગર સ્થાપિત કરવામાં આવ્યું છે. જેના કારણે સિગ્નલિંગ સિસ્ટમનું અદ્યતન મોનિટરિંગ, ડેટા રેકોર્ડિંગ અને ખામીનું ઝડપી નિદાન શક્ય બનશે. આ સમગ્ર તકનીકી અપગ્રેડેશનથી રેલવે સુરક્ષા અને સિગ્નલિંગ સિસ્ટમની વિશ્વસનીયતામાં વધારો થશે. ટ્રેનોનું સંચાલન વધુ સુરક્ષિત અને સુચારુ બનશે તેમજ માનવ ભૂલોની શક્યતા ઘટશે. બહેતર મોનિટરિંગ અને ઝડપી ફોલ્ટ ડાયગ્નોસ્ટિક્સથી જાળવણીની કામગીરી પણ સરળ બનશે. સાથે જ સંચાલન ક્ષમતામાં વધારો થવાથી માલવાહક ગ્રાહકોને વધુ ભરોસાપાત્ર અને ગુણવત્તાયુક્ત રેલ સેવા મળી શકશે. રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, રેલવે સુરક્ષા ભારતીય રેલવેની આધારશિલા છે અને આધુનિક ટેકનોલોજી તેને વધુ સશક્ત બનાવવાનું અસરકારક માધ્યમ છે. લવણપુરનવલખી રેલખંડમાં UFSBIનું કમિશનિંગ રાજકોટ ડિવિઝનના સિગ્નલિંગ માળખાને વધુ સુદૃઢ કરી ટ્રેન સંચાલનને સુરક્ષિત, વિશ્વસનીય અને કાર્યક્ષમ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે.

# હાપા-નાહરલાગુન સ્પેશિયલ હવે સંપૂર્ણ રિઝર્વ્ડ ટ્રેન તરીકે દોડશે

## 4 જનરલ કોચના સ્થાને રિઝર્વ્ડ સેકન્ડ ક્લાસ કોચ જોડાશે; આગામી આદેશ સુધી જનરલ ટિકિટ ઈશ્યૂ નહીં થાય

સિટી ન્યૂઝ@રાજકોટ

અરુણાચલ પ્રદેશમાં લાગુ ઈનર લાઈન પરમિટ વ્યવસ્થાના પાલન માટે પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નં. ૦૯૫૨૫/૦૯૫૨૬ હાપા-નાહરલાગુન-હાપા સ્પેશિયલના કોચ સંયોજનમાં અસ્થાયી ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન ટ્રેન સંપૂર્ણપણે રિઝર્વ્ડ રહેશે અને આગામી આદેશ સુધી મુસાફરોને અનરિઝર્વ્ડ એટલે કે જનરલ ટિકિટ ઈશ્યૂ કરવામાં આવશે નહીં.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા મુજબ, ટ્રેનમાં હાલ જોડાતા ૪ જનરલ કોચના સ્થાને ૪ રિઝર્વ્ડ સેકન્ડ ક્લાસ કોચ જોડવામાં આવશે. લગેજ કમ બ્રેક વાન સાથેનો અનરિઝર્વ્ડ જનરલ કોચ પણ અસ્થાયી રીતે રિઝર્વ્ડ સેકન્ડ ક્લાસ કોચ તરીકે ચલાવવામાં આવશે. જોકે ટ્રેનના કુલ ૨૧ LHB કોચની સંખ્યા યથાવત રહેશે.

હાપાથી ઉપડતી ટ્રેનમાં આ ફેરફાર ૫ ઓગસ્ટથી ૪ નવેમ્બર, ૨૦૨૬ સુધી જ્યારે નાહરલાગુનથી ઉપડતી ટ્રેનમાં ૮ ઓગસ્ટથી ૭ નવેમ્બર, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

૫ ઓગસ્ટથી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીની મુસાફરી માટે નવા રિઝર્વ્ડ કોચનું બુકિંગ ૨ ઓગસ્ટથી PRS મારફતે શરૂ થશે. ત્યારબાદના સમયગાળા માટે રિઝર્વેશન રેલવે દ્વારા નિર્ધારિત સમય મુજબ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

રેલવેએ મુસાફરોને સુધારેલી વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને મુસાફરીનું આયોજન કરવા અને માત્ર માન્ય રિઝર્વ્ડ ટિકિટ સાથે જ મુસાફરી કરવા અપીલ કરી છે. ટ્રેનના સ્ટોપેજ અને સમય સહિતની વધુ માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પરથી વિગતો મેળવી શકશે.

# ટ્રેડ વિંગ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શિવલાલ બારસીયાનો જન્મદિવસ

## 65 વર્ષ પૂર્ણ કરી 66મા વર્ષમાં મંગલ પ્રવેશ; વેપાર-ઉદ્યોગ સાથે સામાજિક અને રાજકીય ક્ષેત્રે સક્રિય



સિટી ન્યૂઝ@રાજકોટ

આમ આદમી પાર્ટી ટ્રેડ વિંગ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ રાજકોટ શહેરના પૂર્વ પ્રમુખ શિવલાલ બારસીયા આજે ૬૫ વર્ષ પૂર્ણ કરી ૬૬મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.શિવલાલ બારસીયા લાંબા સમયથી સામાજિક, વેપાર-ઉદ્યોગ અને સંસ્થાકીય ક્ષેત્રોમાં સક્રિય છે. તેઓ ખોડલધામ મંદિર ટ્રસ્ટના પૂર્વ ટ્રસ્ટી, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પૂર્વ પ્રમુખ, રાજનગર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના ઉપપ્રમુખ તેમજ ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન, ગાંધીનગરના પૂર્વ સલાહકાર તરીકે સેવા આપી ચૂક્યા છે. આ ઉપરાંત તેઓ સપ્લાય કોડ કમિટીના સભ્ય તથા ઇલેક્ટ્રિક લાઇસન્સ કોન્ટ્રાક્ટર એસોસિએશનના પ્રમુખ તરીકે પણ જોડાયેલા રહ્યા છે.બારસીયા અનેક સામાજિક અને સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા રહી વિવિધ પ્રવૃત્તિઓમાં યોગદાન આપી રહ્યા છે. તેઓ રાષ્ટ્રસેવા સાથે સાથે નાના-મધ્યમ વર્ગના બાળકોને મફત અને ગુણવત્તાસભર શિક્ષણ, ઉત્તમ આરોગ્ય સુવિધા અને નાગરિકોના બંધારણીય હકો માટે સતત રજૂઆતો કરતા રહે છે.

# લાખણકા સ્ટેટ એડવોકેટ ઈન્દુભા રાઓલનો જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ



લાખણકા સ્ટેટ અને ગુજરાત આમ આદમી પાર્ટીના જોઇન્ટ સેક્રેટરી એડવોકેટ ઈન્દુભા રાઓલ (પ્રમુખ લાખણકા સેવા સહકારી મંડળી) નો આજે જન્મદિવસ છે. આજરોજ ૫૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરનાર ઈન્દુભા ક્રિમિનલ બાર એસોસિયેશનના પૂર્વ પ્રમુખ તરીકે સેવા આપી ચૂકેલા અને શહેરની અનેક જાણીતી નામાંકિત સામાજિક સંસ્થાઓ જેમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સદસ્ય, એકતા મિત્ર મંડળ, ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિ, લોક સંસદ વિચાર મંચ, ક્ષત્રિય ગિરાસદાર સેના, રાજકોટ શહેર/ જિલ્લા વાલી મહામંડળ માં તેઓની સામેલગીરી નોંધપાત્ર પરિણામો લાવી છે. પોતાના જીવનને સમાજ સેવા સાથો સાથ શહેરમાં ડોગ શો, અશ્વ શો જેવા કાર્યક્રમો કરતા આવ્યા છે. પ્રજાકીય પ્રશ્નો અંગે અનેક વખત ધરપકડ વ્હોરનાર ઈન્દુભા ને આજે તેમના જન્મદિવસ નિમિત્તે સવારથી એડવોકેટ મિત્રો રાજકીય અને સામાજિક આગેવાનોએ તેમના મોબાઈલ નંબર ૯૮૨૫૦ ૮૬૨૭૭ પર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# હાર્દિક ચૌહાણ સતત ત્રીજી ટર્મ માટે મોચી જ્ઞાતિ મંડળના પ્રમુખ




## રાજકોટ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાઈ; સમાજલક્ષી પ્રવૃત્તિઓનો અહેવાલ

સિટી ન્યૂઝ@રાજકોટ

શ્રી રાજકોટ મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળની વાર્ષિક સાધારણ સભા મોચી મંદિર ખાતે યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે હાર્દિક ચૌહાણની સતત ત્રીજી ટર્મ માટે મંડળના પ્રમુખ તરીકે પુન વરણી કરવામાં આવી હતી. તેમની વરણી થતાં સભાસ્થળે ઉપસ્થિત આગેવાનો અને સભ્યોએ તાળીઓના ગડગડાટ સાથે અભિનંદન પાઠવી આગામી કાર્યકાળ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

વરસાદી માહોલ હોવા છતાં સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. સભાના પ્રમુખસ્થાને મંડળના પૂર્વ પ્રમુખ કિશોર ગોહેલ રહ્યા હતા. તેમની ઉપસ્થિતિમાં મંડળની ગત વર્ષની કામગીરી, હિસાબો અને આગામી સમયની સમાજલક્ષી પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સભાની શરૂઆતમાં પ્રમુખ હાર્દિક ચૌહાણ અને મંત્રી મુકેશ ગોહિલે વર્ષ દરમિયાન મંડળ દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ સમાજલક્ષી, સેવાકીય અને જાગૃતિની પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો. ત્યારબાદ ખજાનચી બકુલ ચાવડાએ ગત વર્ષના હિસાબો સભા સમક્ષ રજૂ કર્યા હતા, જેને ઉપસ્થિત સભ્યોએ સર્વાનુમતે બહાલી આપી મંજૂર કર્યા હતા. આ પ્રસંગે પૂર્વ પ્રમુખ ડૉ. હિંમત ચૌહાણે મંડળની કામગીરીને બિરદાવી હતી. તેમણે આગામી સમયમાં શિક્ષણ, યુવા વિકાસ, મહિલા સશક્તિકરણ અને સમાજકલ્યાણના ક્ષેત્રોમાં વધુ વ્યાપક અને પરિણામલક્ષી કામગીરી હાથ ધરવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. સાથે જ મંડળ સમાજના વિદ્યાર્થીઓ અને યુવાનોને નવી તકો સાથે જોડીને પ્રગતિના નવા સોપાનો સર કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. સભામાં મંડળ દ્વારા મહિલા જાગૃતિના હેતુસર આયોજિત 'કેરાલા સ્ટોરી ૨'ના નિશુલ્ક ફિલ્મ શોના સફળ આયોજનનો પણ વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મંડળની વિવિધ પ્રવૃત્તિઓમાં સમાજના સભ્યો દ્વારા મળતા સહયોગ બદલ પણ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

આ પ્રસંગે પૂર્વ પ્રમુખ ડૉ. હિંમત ચૌહાણ, હર્ષદ મકવાણા, પૂર્વ મંત્રી આર.ટી. ગોહેલ, પ્રવિણ જેઠવા, વરિષ્ઠ આગેવાન જયંત વાઘેલા, કમલેશ ગોહેલ, ડાયા ચાવડા, મોચી સમાજ મીડિયા ઈન્ચાર્જ સુરેશ ચૌહાણ, રસિક ઝાલા, મોચી જ્ઞાતિ સેવા ટ્રસ્ટના વિપુલ વાઢિયા, કમલેશ ચાવડા તેમજ મા ચામુંડા મોચી જ્ઞાતિ યુવા સેનાના યુવા નેતા નિલેશ વાઘેલા સહિત સમાજના અનેક આગેવાનો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

તમામ આગેવાનો અને સભ્યોએ સતત ત્રીજી વખત પ્રમુખ તરીકે પસંદગી પામેલા હાર્દિક ચૌહાણને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના નેતૃત્વમાં મંડળની સેવાકીય તેમજ સમાજલક્ષી પ્રવૃત્તિઓ વધુ વિસ્તરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન હર્ષદ મકવાણાએ કર્યું હતું. અંતમાં મોચી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ-મોચી મંદિર તેમજ કાર્યક્રમના સફળ આયોજનમાં સહભાગી બનેલા તમામ આગેવાનો, સભ્યો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. વરસાદી માહોલને અનુરૂપ ગરમાગરમ ભજીયાના અલ્પાહાર સાથે વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી પૂર્ણ થઈ હતી.

# તેરા તુજકો અર્પણ અંતર્ગત 17 લાખની વસ્તુઓ અરજદારોને પરત આપી

## માલવીયાનગર પોલીસની કામગીરીથી ૫૩ અરજદારો ખુશ ખુશાલ

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટની માલવીયાનગર પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સાયબર ફ્રોડનો ભોગ બનેલા અરજદારોના નાણાં પરત અપાવવા, ગૂમ થયેલા મોબાઈલ શોધી કાઢવા તેમજ રિકવર થયેલો મુદ્દામાલ મુળ માલિકોને સોંપવા માટે આ સફળ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત પોલીસે કુલ ૫૩ અરજદારોને રૂ. ૧૭,૨૨,૬૧૩- ની કિંમતનો મુદ્દામાલ પરત સોંપ્યો હતો. જેમાં સાયબર ફ્રોડથી ગુમાવેલા રૂ. ૧૨,૦૦,૦૪૩ નો સમાવેશ થાય છે જે કુલ ૩૧ અરજદારોને પરત મળ્યા છે. આ ઉપરાંત સીઈઆઈઆર પોર્ટલ તથા શોધો દ્વારા શોધી કાઢવામાં આવેલા ૧૬ મોબાઈલ ફોન કિંમત રૂ. ૪,૩૭,૫૭૦ અને રૂ. ૮૫,૦૦૦ની કિંમતના ૩ વાહનો પણ તેમના મુળ માલિકોને સુપરત કરવામાં આવ્યા હતા. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી બી. જે. ચૌધરીની સુચના અંતર્ગત પીઆઇ જે. એમ. કૈલા, પીએસઆઇ એમ.જે. ધાંધલ, હેડકોન્સ. શીવભદ્રસિંહ જાડેજા, કોન્સ. જયભાઈ રંગાણી તથા મહિલા કોન્સ. મિરાલીબેન કથીરીયાએ આ કામગીરી કરી હતી. પોતાની ગુમાવેલી મિલકત અને કમાણીના નાણાં પરત મળતા તમામ અરજદારોએ રાજકોટ પોલીસનો આભાર માન્યો હતો.

# કારમાં બોગસ નંબર પ્લેટ લગાવી દારૂ હેરાફેરી કરતો બુટલેગર ઝડપાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

એલસીબી ઝોન-૧ની ટીમે બાતમીના આધારે ભૂપગઢથી સરધાર તરફ આવતી કાળા રંગની હ્યુન્ડાઈ વર્ના કારને અટકાવી તપાસ કરતાં દારૂની ૩૩૬ બોટલ મળી આવી હતી. પોલીસે કારચાલક પ્રવીણ બચુ ઝાલા (રાજવડલા ગામ)ને ઝડપી લીધો હતો. કાર પર લગાવેલી GJ-૩૬-F-૭૩૬૫ નંબર પ્લેટ બોગસ હોવાનું અને કારનો અસલી નંબર GJ-૧૨-DS-૦૯૯૪ હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. પોલીસે દારૂ અને કાર સહિત કુલ રૂ. ૮.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછમાં દારૂનો જથ્થો કુલજર ગામેથી કુલદીપ શિવકુ વિક્રમાએ આપ્યો હોવાનું અને કોટડા સાંગાણીના સોળીયા ગામના શિવરાજસિંહ જાડેજાને પહોંચાડવાનો હોવાનું ખુલ્યું છે.

# 1,500થી વધુ ભક્તોની ઉપસ્થિતિમાં ૐદાદાનો ગુરુપૂર્ણિમા મહોત્સવ

સિટી ન્યૂઝ@રાજકોટ

પરમ પૂજ્ય ૐદાદાના દિવ્ય સાનિધ્યમાં ૐદાદા ફાઉન્ડેશન, ૐકારા ફાઉન્ડેશન તથા ૐકારા આર્મીના સંયુક્ત ઉપક્રમે ગુરુપૂર્ણિમા મહોત્સવ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિ, સમર્પણ અને આધ્યાત્મિક ચૈતન્યથી છલકાયેલા આ મહોત્સવમાં ૧,૫૦૦થી વધુ ૐભક્તોએ ઉપસ્થિત રહી ગુરુપૂજન અને આશીર્વાદનો લાભ લીધો હતો.

કાર્યક્રમનો પ્રારંભ મંગલવિધિથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ગુરુપૂજન, ભાવાંજલિ, દિવ્ય આશીર્વચન, શક્તિપાત, દિવ્ય દર્શન અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. પરમ પૂજ્ય ૐદાદાએ ઉપસ્થિત ભક્તોને શક્તિપાતના આશીર્વાદ આપ્યા હતા.

પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં ૐદાદાએ જણાવ્યું હતું કે ગુરુનો સાચો હેતુ મનુષ્યને આત્મસાક્ષાત્કાર તરફ દોરી જવાનો છે. સાચી ગુરુભક્તિ અહંકારના સમર્પણ સાથે સેવા, પ્રેમ, કરુણા અને સર્વજીવ કલ્યાણના ભાવને જીવનમાં ઉતારવામાં રહેલી છે. તેમણે ભક્તોને આગામી એક વર્ષ સુધી ઓછામાં ઓછું એક સત્કર્મ અને જીવકલ્યાણનો સંકલ્પ



ધારણ કરવા પ્રેરણા આપી હતી. આ સાથે ટૂંક સમયમાં શરૂ થનારા વૈશ્વિક પ્રકલ્પ અંગે પણ જાહેરાત કરવામાં આવી હતી.

ૐદાદાએ જણાવ્યું હતું કે, "ૐ સર્વનો સાર છે. ૐ કોઈ એક ધર્મ, સંપ્રદાય કે સંસ્કૃતિ પૂરતું મર્યાદિત નથી. તે સમગ્ર સૃષ્ટિના મૂળ તત્ત્વનું પ્રતીક છે અને તેને પોતાના અસ્તિત્વ સાથે જોડીને અનુભવવાનો વિષય છે."

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ. માધવ દવે, રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહ, શહેર ભાજપ મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા, શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન દર્શન ભીલ, કોર્પોરેટર અરુણા આડેસરા, રાજ જાડેજા, વિશ્વ હિંદુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રમુખ કૌશિક સરધારા, કોંગ્રેસ અગ્રણી જીજ્ઞેશ





## ગુરુપૂજન, ભાવાંજલિ, શક્તિપાત અને દિવ્ય દર્શન સાથે ભક્તિમય માહોલ; પ્રેમ, કરુણા, સેવા અને સર્વજીવ કલ્યાણનો સંદેશ

વાગડિયા, આમ આદમી પાર્ટીના અગ્રણી પરેશ શિંગાળા, એડવોકેટ અને JBOના સ્થાપક હર્ષિલ શાહ, બોલબાલા ટ્રસ્ટના જયેશ ઉપાધ્યાય સહિત રાજકીય, સામાજિક, ધાર્મિક, ઔદ્યોગિક અને મીડિયા ક્ષેત્રના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત પદુભા વાઘેલા, દીપકસિંહ વાઘેલા, દિગુભા ઝાલા, રાજુ બગડાઈ, અમિત ધામેલિયા, નવનાત વણિક સમાજના આંતરરાષ્ટ્રીય પ્રમુખ પ્રશાંત શાહ, જૈન સમાજના અગ્રણી રાકેશ ડેલીવાલા, સમાજસેવક મુરલી દવે તેમજ નવજીવન વિકલાંગ સેવાશ્રય-ભચાઉના સંસ્થાપક જીતેન્દ્ર જોષીએ પણ ઉપસ્થિત રહી આશીર્વાદ મેળવ્યા હતા.ડૉ. માધવ દવે અને ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહે ૐદાદાના સેવાયજ્ઞ અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. તેમના સંબોધનને ઉપસ્થિત ભક્તોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અજય ટીટાએ કર્યું હતું. આયોજનને સફળ બનાવવા ટ્રસ્ટી મિતેશ દોશી અને અમિત લોકવાણી સાથે દર્શન ભીલ, નયન કોઠારી, વિરાજ લાઠીયા, હર્ષિલ શાહ, અમિત બોસામિયા, ભાવેશ બાબરિયા, હરેશ અઘારા, હેમાંગ દસાડિયા, રવિ શુક્લા, રાજેશ વાઘેલા, કમલ ધોરેચા સહિત શિષ્યમંડળ અને સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.કાર્યક્રમના અંતે ૐદાદાના હસ્તે પ્રસાદી અર્પણ કરવામાં આવી હતી અને ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. ૐદાદાએ સૌને પ્રેમ, કરુણા, સેવા અને સર્વજીવ કલ્યાણના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપી હતી. આયોજક સંસ્થાઓએ સહયોગીઓ, દાતાઓ, મીડિયા પ્રતિનિધિઓ, સ્વયંસેવકો અને ભક્તજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.





# કષ્ટભંજનદેવ દાદાને એમ્બ્રોઈડરી વાઘા અને ગુલાબનો દિવ્ય શણગાર

વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શનિવારે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા ધારણ કરાવી ગુલાબના ફૂલોથી દિવ્ય અને મનમોહક શણગાર કરવામાં આવ્યો હતો. દાદાના સિંહાસનને વિવિધ રંગના ગુલાબના ફૂલોથી શણગારી ફૂલો વડે જય શ્રી રામ લખવામાં આવ્યું હતું. સવારે ૫:૩૦ કલાકે પૂજારી સ્વામીએ મંગળા આરતી અને ૭:૦૦ કલાકે શણગાર આરતી કરી હતી. અનેક ભક્તોએ દાદાને ધજા અર્પણ કરી હતી. દાદાના આ અલૌકિક શણગારના પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન દર્શન કરી મોટી સંખ્યામાં ભક્તોએ ધન્યતા અનુભવી હતી.




# નવનિર્માણથી જંતર-મંતર સુધી કોંગ્રેસના બેવડા ધોરણોનો ખુલાસો

## નવનિર્માણના શહીદ વિદ્યાર્થીઓને ભૂલી ગયેલી કોંગ્રેસ આજે કયા મોઢે વિદ્યાર્થીહિતની વાત કરે છે? : 105 વિદ્યાર્થીઓને ગોળીએ વિંધનાર કોંગ્રેસ માફી ક્યારે માંગશે ? : પ્રશાંત વાળા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

લોકશાહીમાં વિરોધ કરવાનો અધિકાર દરેક નાગરિકને છે, પરંતુ વિરોધના નામે ઇતિહાસને ભૂલી જવો કે પસંદગીપૂર્વક યાદ કરવો એ રાજકીય પ્રમાણિકતા નથી.રાજકીય પક્ષો પોતાના રાજકીય લાભ માટે વિદ્યાર્થીહિતની વાતો કરી વિદ્યાર્થીઓને ગુમરાહ કરવાનાં કાવતરા કરે, તો દેશની જનતા તેમને તેમનો ભૂતકાળ યાદ કરાવે એ સ્વાભાવિક છે.

દિલ્હીના જંતર-મંતર ખાતે બનેલી ઘટનાને લઈને કોંગ્રેસ અને તેના સાથી પક્ષો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર સામે દુષ્પ્રચાર કરી રહ્યા છે. પરંતુ એ જ કોંગ્રેસે ક્યારેય પોતાના ઇતિહાસના સૌથી કાળા અધ્યાયગુજરાતના નવનિર્માણ આંદોલનવિશે આત્મચિંતન કર્યું છે? વાસ્તવિકતા એ છે કે,નવનિર્માણ આંદોલનમાં શહીદ થયેલાં વિદ્યાર્થીઓના પરિવારની કોંગ્રેસે કે ગાંધી પરિવારે આજદિન સુધી ક્યારેય માફી પણ માંગી નથી.

ગુજરાતના નવનિર્માણ આંદોલનને ભારતના ઇતિહાસના સૌથી મોટા વિદ્યાર્થીઆંદોલનોમાં સ્થાન મળ્યું છે.સાલ ૧૯૭૩ના ડીસેમ્બર મહિનામાં સૌ પ્રથમ મોરબી એન્જીનીયરીંગ કોલેજ અને ત્યારબાદ અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજની હોસ્ટેલમાં ભોજનના વધારેલા દર સામે વિદ્યાર્થીઓએ વિરોધ શરૂ કર્યો. શરૂઆતમાં આ માત્ર વિદ્યાર્થી આંદોલન હતું, પરંતુ ટૂંક સમયમાં જ તે સમગ્ર ગુજરાતમાં ભ્રષ્ટાચાર, મોંઘવારી અને કુશાસન સામેના જનઆંદોલનમાં પરિવર્તિત થયું.

તે સમયે ગુજરાતમાં કોંગ્રેસના મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ હતા અને વડાપ્રધાન ઇન્દિરા ગાંધી હતા. સરકાર સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો થઈ રહ્યા હતા. જનતાનો વિશ્વાસ ડગમગી રહ્યો હતો.વિદ્યાર્થીઓ સાથે વેપારીઓ, મધ્યમવર્ગ, મહિલાઓ, કર્મચારીઓ અને સામાન્ય નાગરિકો પણ જોડાતા ગયા અને સમગ્ર ગુજરાતમાં વિરોધની જ્વાળા પ્રસરી ગઈ.શાળા-કોલેજો



બંધનું એલાન આપવામાં આવ્યું.ઠેર-ઠેર દેખાવો શરુ થયા.જોતજોતામાં હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા.શિક્ષણમંત્રી આયેશા બેગમે વિદ્યાર્થીઓના આંદોલનને રાષ્ટ્રવિરોધી આંદોલન જાહેર કર્યું.આંદોલન વધુ ઉગ્ર બની ગુજરાતના ૩૩ જેટલાં શહેરોમાં ફેલાય ગયું હતું.કોંગ્રેસ સરકારે અમદાવાદ,વડોદરા તેમજ પાલનપુર જેવા નાના શહેરોમાં પણ કર્ફ્યુ લગાવ્યો હતો.વિદ્યાર્થીનીઓએ કોંગ્રેસ કાર્યાલયો પર જઈને બંગડીઓ ફેંકી ઉગ્ર દેખાવો કર્યા.વિદ્યાર્થીઓની ધરપકડનો દોર શરુ થયો.આંદોલનનો વ્યાપ વધતો ગયો.

વિદ્યાર્થીઓની એક જ માંગ હતી કે,મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ રાજીનામું આપે.પરંતુ ચીમનભાઈ કોઈપણ સંજોગોમાં રાજીનામું આપવા માંગતા નહોતા.લોકશાહીમાં જનતાનો અવાજ સાંભળવાને બદલે કોંગ્રેસ સરકારે કડક પોલીસ કાર્યવાહીનો માર્ગ પસંદ કર્યો. વિદ્યાર્થીઓને કાબૂમાં રાખવા માટે સૈન્ય બોલાવવામાં આવ્યું.પોલીસ દ્વારા લાઠીચાર્જ અને ગોળીબારની ઘટનાઓ બની.

- નવનિર્માણ આંદોલન ૭૩ દિવસ ચાલ્યું.
- પોલીસ ગોળીબારમાં ૧૦૫ વિદ્યાર્થીઓનાં મૃત્યુ થયાં હોવાનું સરકારી ચોપડે નોંધાયુ છે.
- ૮,૦૫૩ લોકોની ધરપકડ કરવામાં આવી.
- ૧૮૪ લોકોને મીસા (MISA) હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા.
- ૧,૬૫૪ વખત લાઠીચાર્જ થયો.
- ૪,૩૪૨ અશ્રુગૅસના ગોળા છોડવામાં આવ્યા.
- ૧,૪૦૫ રાઉન્ડ ગોળીબાર થયો.
- ૩૧૦ લોકો ઘાયલ થયા.

આ આંકડા દર્શાવે છે કે તે સમયની પરિસ્થિતિ અત્યંત ગંભીર હતી અને કોંગ્રેસ સરકાર દ્વારા મોટા પાયે બળપ્રયોગ કરવામાં આવ્યો હતો.કારમી પીડા,યાતનાઓ અને ૧૦૫ વિદ્યાર્થીઓની શહીદી બાદ અંતે ચીમનભાઈ અને તેની સરકારે રાજીનામું આપવું પડ્યું હતું.

આજે કોંગ્રેસ દરેક ઘટનામાં માનવાધિકાર, વિદ્યાર્થીહિત, બંધારણ અને લોકશાહીની વાત કરે છે. પરંતુ પ્રશ્ન એ છે.

- નવનિર્માણના શહીદ વિદ્યાર્થીઓ માટે કોંગ્રેસે ક્યારેય આત્મચિંતન કર્યું?
- શું કોંગ્રેસે ક્યારેય જાહેરમાં સ્વીકાર્યું કે તે સમયની પરિસ્થિતિ દુર્ભાગ્યપૂર્ણ હતી?
- શું કોંગ્રેસે ક્યારેય તે પરિવારો પાસે માફી માંગી?

જો જવાબ "ના" હોય, તો આજે નૈતિકતાના ઉપદેશ આપવાનો અધિકાર કોંગ્રેસને કેવી રીતે મળે?

નવનિર્માણના શહીદો કોઈ એક પક્ષના નહોતા.તેઓ ગુજરાતના યુવાનો હતા.તેમનું બલિદાન ભ્રષ્ટાચાર અને કુશાસન સામેની લડતનું પ્રતિક હતું. નવનિર્માણના શહીદ વિદ્યાર્થીઓની ખાંભીઓ આજે પણ રાહ જોઈ રહી છે કે,કોઈ કોંગ્રેસીના મનમાં રામ વસે અને ખાંભીએ આવીને પ્રાયશ્ચિત્તરૂપે એક દીવો કરે. શહીદ વિદ્યાર્થીઓના બલિદાનને રાજકીય સુવિધા માટે ભૂલવામાં ન આવે અને દેશની નવી પેઢીને કોંગ્રેસના આ કાળા અધ્યાયથી અવગત કરાવવામાં આવે તે જ સાચી શ્રદ્ધાંજલિ.